PARASDHAM APP
Available on
App Store
Google play
Download Now

# JAIN KRANTI
# જૈન ક્રાંતિ

Vol. 7 I Issue 01 I Mumbai I November - 2015 I Rs. 25/- I Pages : 36

**26.11.2015 - ગુરુવાર**

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ ઠાણા - ૨
એવમ્ વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઇ મ. આદિ ઠાણા - ૧૮ ના ચાતુર્માસ વિહાર વળામણા.
ધર્માલયથી વિહાર કરી શ્રી એલીસબ્રીજ સ્થા. જૈન સંઘ-પાલડીના આંગણે પધારશે.

## ॥ રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો આગામી કાર્યક્રમ ॥

પાવન થશે એ નગરીના દ્વાર-**રાજકોટ**
06.12.2015 થી 13.12.2015
રાજાણી નગરીના આંગણે દીક્ષાર્થી સન્માન સમારોહ

સદ્ભાગી બનશે એ નગરી-**જામનગર**
20.12.2015
પારસધામ ઉદ્ઘાટન સમારોહ




પુણ્ય પથરાશે એ નગરે-**જૂનાગઢ**
27.12.2015
શ્રી સંઘમાં ઉવસગ્ગહરં જપ સાધના

ગૂંજી ઉઠશે પ્રભુ આદિનાથનો દરબાર-**પાલીતાણા**
31.12.2015
તીર્થભૂમિ પાલીતાણા

કલ્યાણ થશે એ દ્વાર-**મુંબઇ**
24.01.2016
મુંબઈ-કાંદિવલી નગરે દીક્ષા મહોત્સવ અર્થે
પાવનધામના દ્વારે મંગલ પ્રવેશ

આવો... સદ્ગુરુની સંગે સંગે... એમના પગલે પગલે... પાવન બનવા!!!

### આ અંકમાં વાંચો

ધર્મ યુધ્ધ
જિજ્ઞાસા મોક્ષનું બીજ
દીક્ષા મહોત્સવના આગોતરા આમંત્રણ
દીક્ષાર્થી શ્રી મિતુલભાઇનો ઇન્ટરવ્યુ
રાજકોટના કાર્યક્રમો

વિહાર સંબંધી જાણકારી મેળવવા સંપર્ક : +91 98609 05678

||શ્રી જય-માણેક-પ્રાણ-રતિ- ગુરુભ્યો નમઃ|| ||દાદા ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી સ્વામીની કૃપા વરસો|| ||શ્રી જશ-ઉત્તમ પ્રાણ ગુરુભ્યો નમઃ||

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ એવમ્
વિરલપ્રજ્ઞા ગુરુણીમૈયા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મ. ના સાંનિધ્યે

# શ્રી ભાગવતી જૈન દીક્ષા મહોત્સવ

## 卐 સાત સેનાની આત્મ સંગ્રામે 卐

14th FEBRUARY, 2016

**અહો અતિથિ!**

વિક્રમ સંવત ૨૦૭૨ ના વર્ષની શિશિર ઋતુના પ્રારંભે મહા માસના શુક્લ પક્ષની સપ્તમ તિથિના મંગલ દિને તા. 14.02.2016 રવિવારના રોજ ગગનમાં વિચરતાં ભરણી નક્ષત્રની શુભ દશામાં દિવસના દ્વિતિય પ્રહરની શુભ ઘડીના સુમંગલ મુહૂર્તે લોકની મધ્યમાં સ્થિત જંબુદ્વીપના ભરત ક્ષેત્રે, મુંબઈ ક્ષેત્રના કાંદિવલી નગરે, પાવનધામ મુકામે, બોરીવલી, કાંદીવલીના શ્રી સંઘોના ઉપક્રમે 'ડુંગર દરબાર' ના સુંદર અને વિશાળ શામિયાણામાં સાત સાત સદ્ભાગી આત્માઓ 'गुरु आज्ञा ही केवलम्' ને ચરિતાર્થ કરવા પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીની પાટ પરંપરાએ ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય દેવ પૂજ્યવર શ્રી ડુંગરસિંહજી મ.સા. ની ગચ્છ પરંપરામાં તપોપૂત ગુરુદેવ શ્રી જય-માણેકની પાટ પરંપરાએ જેઓના સ્વ નામથી પરિવાર ઝળહળતો થયો એવા પરમ પ્રતાપી પ્રભાવપુરુષ સૌરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણના પરિવારમાં

**તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ના સુશિષ્ય**
**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શ્રી મુખેથી**
દીક્ષાનો 'મંત્રાભિષેક' ગ્રહણ કરી સંયમના કલ્યાણ પંથ પર મંગલ પ્રયાણ કરશે!

ધન્યાતિધન્ય એવા આ અવસરે આત્મિયતાના અંજને આલેખિત અમારા આમંત્રણને સ્વીકારીને આપશ્રી બંધુ, સખા, પરિવાર સહ દીક્ષા મહોત્સવમાં સહભાગી બનીને ધન્ય બનવા અવશ્ય પધારશો! આ દીક્ષા મહોત્સવના આંખે દેખ્યાં દિવ્ય દૃશ્યો આપના આત્માનું મંજન કરાવીને ભાવિમાં આપના માટે પણ અજવાળાના દ્વાર ઉઘાડી જાય!!! વિલંબ ન કરતાં... આપશ્રી શીઘ્ર પધારશો! કે અમારા...

મુમુક્ષુ શ્રી મિતુલભાઈ તુષારભાઇ મહેતા(I.T. Engineer)
મુમુક્ષુ શ્રી અખિલભાઈ હેમલભાઇ દોશી (H.Sc.)

મુમુક્ષુ ડૉ. શ્રી પૂજાબેન હર્ષદભાઇ વેગડા (M.B.B.S.)
મુમુક્ષુ શ્રી તન્વીબેન દિપકભાઇ દેસાઈ (C.A.)
મુમુક્ષુ શ્રી મોનાબેન પ્રફુલભાઇ ફોફરીયા (Advocate)
મુમુક્ષુ શ્રી જિગીષાબેન દિલીપભાઇ દોશી (H.Sc.)
મુમુક્ષુ શ્રી કિંજલબેન મનીષભાઇ દોશી (H.Sc.)

એમના સંયમ અંગિકારના અવસરે આપશ્રીની અનુમોદના અને આપશ્રીના આશીર્વાદના અમીઝરણથી ધન્ય થશે...!!!

લિખિતમ્ : શ્રી પાવનધામ સંઘ-મુંબઈ

**નિમંત્રક**
**દીક્ષાર્થી પરિવારો**

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - પાવનધામ: B.C.C.I. ગ્રાઉન્ડની સામે, કાંદિવલી વેસ્ટ, મુંબઇ.
દીક્ષા મહોત્સવ અંગેના માર્ગદર્શન માટેઃ +91-90048-61157/97

સાત સેનાની આત્મ સંગ્રામે

## આગોતરૂ આમંત્રણ

**આપના યોગક્ષેમની સદ્ભાવના ભાવીને...**

તિમિરના તટની પે'લે પાર...
દૂર વસેલાં અજવાળાના એ દ્વાર...
ફરીને ખૂલવાનો સમય થઈ રહ્યો છે!
સંયમ માર્ગની સફરે
નીકળી રહેલાં...
સાત સાત આત્માઓ...
બસ, થોડી મજલ કાપશે...
ને અજવાળાને દ્વાર જઈ પહોંચશે!
અનંત આત્માઓને
અજવાળા તરફ દોરી જતો
સંયમનો આ રૂડો રૂડો માર્ગ...
અહા! જાણે... નિજની સાથેના
આલાપ અને મિલાપની જીવનકલા!
જાણે...પરમાત્મા સાથેના
રાગ અને અનુરાગની ધર્માનુકલા!
એવા સંયમની
આ કલાવીથિ પર સાત આત્માઓની
પગરણ કરવાની મંગલ ઘડીઓ
ગણાઈ રહી છે ત્યારે...
હે ગગનના કલાધર!
વહાવ તારી શીતલતા...
વસુંધરાના હે પુષ્પો!
પથરાવો તમારી મૃદુતા...
કે જેમને વંદી રહ્યાં રંક અને રાયા...
એવા ભવાતીત ભગવયા બનવા માટે
સંસાર છોડી રહેલાં...
સાત મુમુક્ષુઓના
**દીક્ષા મહોત્સવમાં**
આત્મપ્રિય અતિથિવર્યોને આપ્યાં છે
**આમંત્રણ અનેરા!**

## 24.01.2016 રવિવાર સવારે 9:40 મિનિટે

## દીક્ષા મહોત્સવ અર્થે પૂજ્ય ગુરુદેવશ્રીનો એવમ્ મહાસતીજી વૃંદનો પાવનધામનાં પ્રાંગણે મંગલ પ્રવેશ

| તારીખ | સમય | કાર્યક્રમ |
|---|---|---|
| 24.01.2016 રવિવાર | સવારે 10:00 કલાકે | પત્રિકા આલેખન |
| 31.01.2016 રવિવાર | સવારે 09:30 કલાકે | સ્વસ્તિક વિધિ |
| 07.02.2016 રવિવાર | સવારે 07:30 કલાકે | વરસીદાન શોભાયાત્રા |
| 08.02.2016 સોમવાર | સવારે 09:30 કલાકે | તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી રતિલાલજી મ.સા.ના સ્મૃતિદિન અવસરે ગુરુવંદનાવલી અને પાટ પરંપરા દર્શન |
| 09.02.2016 મંગળવાર | સવારે 09:30 કલાકે | સંયમ અનુભવ |
| | રાત્રે 08:00 કલાકે | સાધક નાટિકા |
| 10.02.2016 બુધવાર | સવારે 09:30 કલાકે | રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીના સંયમ રજત જયંતિ મહોત્સવ અવસરે 'ભાવદીક્ષા' |
| | રાત્રે 08:00 કલાકે | જીવન યાત્રા - રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવનું જીવનકવન |
| 11.02.2016 ગુરુવાર | સવારે 09:30 કલાકે | સાકરતુલા વિધિ, સંયમ વંદનાવલી |
| | રાત્રે 08:00 કલાકે | સંતાન વ્હાલનો સાગર |
| 12.02.2016 શુક્રવાર | સવારે 07:00 કલાકે | મંડપ મુહૂર્ત |
| | સવારે 09:30 કલાકે | સ્નેહ બંધન |
| | બપોરે 03:30 કલાકે | છાબ દર્શન |
| 13.02.2016 શનિવાર | સવારે 09:30 કલાકે | માતૃ-પિતૃ વંદના |
| | બપોરે 03:30 કલાકે | કોળિયા વિધિ |
| 14.02.2016 રવિવાર | સવારે 08:00 કલાકે | દીક્ષાર્થી મહાભિનિષ્ક્રમણ યાત્રા |
| | સવારે 09:00 કલાકે | દીક્ષા મહોત્સવ |

**24.01.2016 થી 14.02.2016**
**સવારે 09:30 કલાકે**
**પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સંયમ પ્રેરક મનનીય પ્રવચન**

**08.02.2016 થી 12.02.2016**
**બપોરે 03:00 કલાકે**
**સાંજી - દીક્ષાર્થીઓના સંયમભાવની અનુમોદનાના ગાન**

**પાવન સ્થળ : 'ડુંગર દરબાર' : B.C.C.I. ગ્રાઉન્ડની સામે, કાંદિવલી (વેસ્ટ) મુંબઇ.**

નમ્ર વિનંતિ : આપ ક્યારે અને કેટલી સંખ્યામાં પધારવાના છો, તેની વહેલી તકે જાણ કરશોજી.
રહેવાની વ્યવસ્થા માટે સંપર્ક : +91-98330-70465, +91-98205-13738, +91-93200-55701

# જૈન ક્રાંતિ

JAIN KRANTI

5th NOVEMBER 2015 YEAR: 16, ISSUE - 181

PAGES: 32 + 4 • RETAIL PRICE: ₹ 25



SUBSCRIPTION

LIFE TIME (WITHIN INDIA) : ₹ 2500

FOR 2 YRS. (WITHIN INDIA) : ₹ 500

LIFETIME (INTERNATIONAL) : ₹ 20000

FOR 1 YR. (INTERNATIONAL) : ₹ 2500

**FORMER EDITOR**

SHREE RASIKBHAI PAREKH

**PUBLISHER**

SHREE DEEPAKBHAI BHAYANI

**EDITOR**

SHREE PRATIMABEN BADANI

SHREE PARUL KAMDAR



**: CONTACT :**

PARASDHAM

VALLABH BAUG LANE, TILAK ROAD

GHATKOPAR (E) MUMBAI - 400077

PH: +91-22-32043232

**: EMAIL :**

publication@parasdham.org

website: www.parasdham.org

**: JOIN US ON :**

www.facebook.com/ParasdhamIndia

www.youtube.com/ParasdhamTV



Printed, Published,
Edited and Owned by
DEEPAK K. BHAYANI

**Printed at**

Arihant Printers

Ghatkopar (E), Mumbai - 400 077

and

**Published at**

202, Satellite Building,

Opp. Mistry Complex, J. B. Nagar,

Andheri (East), Mumbai - 400 099


## "જ્ઞાન અનુમોદનામાં"

આપનું નામ આવ્યું કે નહીં ? ? ?

## જૈન-ક્રાંતિ જ્ઞાન દાન


₹ 11,000=00 એક વર્ષના

CHQ / DD should be in favour of ARHAM YUVA GROUP

- શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન)
- વી. સી. કે. ફોરેક્સ (કોલકત્તા)
- શ્રી સ્વપનીલ શાહ (ઘાટકોપર)
- શ્રી પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા)
- શ્રી કલ્પનાબેન ગીરીશભાઇ દેસાઇ (પાર્લા)
- ઈગલ મેન્યુફેકચરીંગ (મુંબઈ)
- શ્રી હીનાબેન સંજયભાઇ શાહ (વડોદરા)
- શ્રી લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી)
- શ્રી ગુરુભકત પ્રણાયભાઇ મહેતા (ઘાટકોપર)
- મહાવીર ટેકસટાઈલ (કોલકતા)
- શ્રી હેત-ત્વીશા સંજયભાઇ સંઘવી (ઘાટકોપર)
- શ્રી કુંદનબેન જયંતિભાઈ સંઘવી (સુરત)
- મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા)
- યુનાઈટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ધર્મેશભાઈ મનસુખભાઈ કામદાર (USA)
- શ્રી પારસ પ્રેરણા ટ્રસ્ટ (અંધેરી)
- શ્રી પ્રીતિબેન પ્રવિણચંદ્ર બાવીસી (કાંદિવલી)
- શ્રી સુરેશભાઈ સીરસાવ (અમરાવતી)
- શ્રી સોહમ મહિલા મંડળ (પાવનધામ-કાંદિવલી)

TO KNOW MORE ABOUT PUJYA GURUDEV CONTACT ON: +91-9860905678

# જિજ્ઞાસા જ્ઞાનનું બીજ



- રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

જન્મ કોનો થાય છે ? ઉત્પતિ કોની થાય છે ? દેહની કે આત્માની ? શું આત્માનો જન્મ થાય છે ? શું આત્મા ઉત્પન્ન થાય છે ? શું આત્માનું સર્જન થાય છે ? ઘણાના મનમાં આવા અનેક પ્રશ્નો હોય છે.

પ્રશ્ન હંમેશાં બે પ્રકારના હોય. પોઝીટીવ પ્રશ્ન અને નેગેટીવ પ્રશ્ન.

જેમાં શંકા હોય એવા પ્રશ્નને નેગેટીવ પ્રશ્ન કહેવાય અને જેમાં જિજ્ઞાસા હોય એવા પ્રશ્નને પોઝીટીવ પ્રશ્ન કહેવાય.

જ્યારે કોઈ પણ વ્યક્તિમાં કંઈક જાણવાની જિજ્ઞાસા જાગે છે ત્યારે તેની દિશા જ્ઞાન તરફની થઈ જાય છે.

જ્યારે કોઈ વ્યક્તિ કોઈ પણ બાબતે શંકા કરે છે, ત્યારે તેની દિશા અજ્ઞાન તરફની થઈ જાય છે.

જિજ્ઞાસાથી પામેલું જ્ઞાન અંતે જ્ઞાનરૂપમાં પરિણમે છે. શંકાથી પામેલું જ્ઞાન અંતે અજ્ઞાન રૂપમાં પરિણમે છે.

જ્ઞાન તો જ્ઞાન જ હોય પણ જે જ્ઞાન જિજ્ઞાસાના કારણે પ્રાપ્ત થયું હોય તે જ્ઞાન સમ્યક્ જ્ઞાન કહેવાય છે અને જે જ્ઞાન શંકાના કારણે પ્રાપ્ત થયું હોય તે મિથ્યા જ્ઞાન કહેવાય છે.

કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે વાતાવરણ પ્રત્યે જ્યારે મનમાં પ્રશ્ન ઉઠે કે, આવું તે કાંઈ હોય ? આમ ક્યારેય થાય ? મને નથી લાગતું આવું બની શકે, આ છે શંકા !

કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે વાતાવરણ પ્રત્યે જ્યારે મનમાં પ્રશ્ન ઉઠે કે, ઓહો, આ આવું છે ? આમ પણ થાય ? આવું પણ બની શકે છે, આ છે જિજ્ઞાસા !

જિજ્ઞાસા હંમેશા પોઝીટીવ હોય જ્યારે શંકા કાયમ નેગેટીવ જ હોય.

**જિજ્ઞાસામાં સત્યની પ્રાપ્તિની ઝંખના હોય અને શંકામાં પોતે માનેલા સત્યને પામવાની ઝંખના હોય !**

ગૌતમ સ્વામી જ્યારે ભગવાન મહાવીર પાસે પહેલી વાર ગયાં ત્યારે શંકા સાથે ગયાં હતાં કે જિજ્ઞાસા સાથે ? ?

ગૌતમ સ્વામી જ્યારે જુએ છે કે દેવલોકના દેવો એમના યજ્ઞમાં આવવાને બદલે બીજે જઈ રહ્યાં છે ત્યારે તેમના મનમાં શંકા હતી કે એવું તે કોણ છે કે બધાં ત્યાં જઈ રહ્યાં છે. મારાથી સમર્થ વળી કોઈ હોય ? એટલે ગૌતમ સ્વામીને શંકા હતી વ્યક્તિ પ્રત્યે, એમના વ્યક્તિત્વ કે જ્ઞાન પ્રત્યે ન હતી. એમને શંકા હતી, આ

કોણ છે અને અહીં શું થઈ રહ્યું છે ?

વ્યક્તિ માટેની શંકા, શંકા નથી ગણાતી પણ વ્યક્તિના વ્યક્તિત્વ માટે, ગુણ માટે, જ્ઞાન માટે શંકા જન્મે તો તે 'શંકા' ગણાય છે.

જેમ જેમ ગૌતમ સ્વામી ભગવાન મહાવીરની નજીક જાય છે, ગૌતમ સ્વામીને અહેસાસ થવા લાગે છે, આ વ્યક્તિ ખરેખર કંઈક અલગ છે, કંઈક વિશેષ છે, એની પાસે કંઈક એવું છે જે મારી પાસે નથી અને જ્યાં ખબર પડી કે આ કોઈ સામાન્ય નહીં પણ સર્વજ્ઞ છે એટલે તરત જ એમના મનની શંકા જાગી ગઈ.

આજ સુધી મનમાં શંકા હતી કે આત્મા છે કે નહીં, આત્મા હોય કે ન હોય, પણ જેવી ખબર પડી કે આ ભગવાન મહાવીર છે, ત્રિકાળજ્ઞાની છે, સર્વ જાણનાર છે એટલે તેમના મનમાં જિજ્ઞાસા જાગૃત થઈ... મનમાં પ્રશ્ન ઉઠયો, મને તો લાગતું નથી કે આત્મા જેવું કાંઈ હોય, પણ આ તો સર્વજ્ઞ છે તો લાવ એમને જ પૂછી લઉં, મનમાં વિચારની સાથે, પ્રશ્નની સાથે એક વિશ્વાસ પણ જન્મ્યો કે, આ વ્યક્તિ સર્વજ્ઞ છે અને મને સત્ય સમાધાન મળશે. જેવો ભગવાન મહાવીર પ્રત્યે વિશ્વાસ જન્મ્યો, શ્રધ્ધા જાગી એ જ ક્ષણે ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીના મનનું સમાધાન આપ્યું કે, તમારી અંદરમાં જે જિજ્ઞાસા છે, જે જાણવાની જિજ્ઞાસા છે કે આત્મા છે કે નહીં, તો આત્મા છે.

**જ્યાં વિનય હોય ત્યાં જિજ્ઞાસા હોય.**

**જ્યાં અવિનય હોય ત્યાં શંકા હોય.**

ગૌતમ સ્વામી પ્રકૃત્તિના વિનિત હતાં. તેમની વિનય પ્રકૃત્તિ જન્મથી સર્જાયેલી હતી. એટલે એમણે જ્યાં જ્યાં, જ્યારે જ્યારે, જે જે જ્ઞાન પ્રાપ્ત ક્ર્યું તે વિનયથી જ ક્ર્યું હતું, તેમની જ્ઞાન પ્રાપ્તિ જિજ્ઞાસાથી પ્રાપ્ત થયેલી હતી, શંકાથી પ્રાપ્ત કરેલ ન હતી.




શંકા અવિનયમાંથી જ પ્રગટે છે.

પોતાનું માનેલું સત્ય એ જ સત્ય છે એવો આગ્રહ જેના અંદરમાં પડેલો હોય તે અવિનયી હોય, જ્યારે પોતાની માન્યતાનો અનાગ્રહ હોય તે વિનયી હોય.

જે સત્ય છે તેને પામવાનો ભાવ તે વિનય છે.

ગૌતમ સ્વામી ભગવાન મહાવીર પાસે શંકા લઈને ગયાં હતાં કે જિજ્ઞાસા લઈને ગયાં હતાં ?

ગૌતમ સ્વામીનું ભગવાન મહાવીર પાસે જવું શંકાજનક હતું પણ ગૌતમ સ્વામી ભગવાન મહાવીર પાસેથી જે કાંઈ જાણવાનો ભાવ પ્રગટ કરે છે અને જે કાંઈ જાણે છે, જે કાંઈ પ્રાપ્ત કરે છે તે જિજ્ઞાસાથી કરે છે.

ગૌતમ સ્વામીનો અને ભગવાન મહાવીરનો સંબંધ હતો કે ઋણાનુબંધ હતાં ? ઋણાનુબંધ હતાં, માટે જ ગૌતમ સ્વામી જાણે-અજાણે પણ ભગવાન મહાવીર પ્રત્યે ખેંચાઈ રહ્યાં હતાં, તેમના તરફ દોરાઈ રહ્યાં હતાં.

હવે પ્રશ્ન છે કે, ગૌતમ સ્વામીનું ભગવાન મહાવીરના સમવશરણમાં જવું તે ભગવાન મહાવીરને હરાવવા માટે જવાનું હતું, અહમ્‌ના કારણે જવાનું હતું કે સત્ય શું છે તે જાણવા માટે જવાનું હતું ?

હરાવવા એ જ જાય જેનામાં પ્રકૃતિનો વિનય ન હોય, પોતાનું પ્રદર્શન કરવા એ જ જાય જેનામાં પ્રકૃતિનો વિનય ન હોય, જ્યારે જેનામાં પ્રકૃતિનો વિનય હોય તે સત્યને જાણવા માટે જાય.

ગૌતમ સ્વામીમાં પ્રકૃતિનો વિનય હતો એટલે ગૌતમ નું પ્રભુના સમવશરણમાં જવું એ હરાવવા માટે કે પોતાના જ્ઞાનના પ્રદર્શન માટે ન હતું પણ સત્યને જાણવા માટેનું હતું અને ગૌતમનો વિનય અને ગૌતમની જિજ્ઞાસા જ ગૌતમ સ્વામીને સત્યની પ્રાપ્તિ કરાવે છે.

**જેનામાં જિજ્ઞાસા હોય છે તે સત્યને પામે છે.**
**જેનામાં શંકા હોય છે તે માનેલા સત્યને પામે છે.**

જેનામાં શંકા હોય છે તે પોતાના માનેલા સત્યને જ સાબિત કરવા પ્રયત્ન કરે છે અને બધાં એનો જ સ્વીકાર કરે એવો આગ્રહ પણ રાખે છે.

જેનામાં જિજ્ઞાસા હોય છે તે સત્યનો સહજ ભાવે સ્વીકાર કરે છે અને ક્યારેય પોતાની વાત જ સત્ય છે અને બધાંએ એ જ માનવી એવો કોઈ આગ્રહ રાખતાં નથી. મોટા ભાગના મનુષ્યોને આત્માનો જન્મ થાય છે કે નથી થતો ? આત્મા હોય કે ન હોય ? આત્મા જેવું કાંઈ હોય કે ન હોય ? એનું કોઈ જ્ઞાન કે કોઈ સમજ હોતી નથી અને એને જાણવાની જિજ્ઞાસા પણ હોતી નથી. જિજ્ઞાસા નથી એટલે આત્મા વિશે જાણતા નથી. આત્મા વિશે જાણતા નથી એટલે આત્મશુધ્ધિ કે આત્મસિધ્ધિ કરી શક્તાં નથી.

**માટે જ, જિજ્ઞાસા એટલે મોક્ષનું બીજ કહેવાય છે !**

જેનામાં જિજ્ઞાસા હોય છે તે સત્યને જાણે છે અને સત્યને પામે છે, જે સત્યને પામે છે તે જ અસત્યને છોડી શકે છે.

જે અસત્યને છોડે છે તે જ શુધ્ધિને પ્રાપ્ત કરે છે. જે શુધ્ધિને પ્રાપ્ત કરે છે, તે જ સિધ્ધિ સુધી પહોંચી શકે છે.

એટલે સિધ્ધિનું મુખ્ય કારણ શું આવ્યું ? જિજ્ઞાસા ! !

જેનામાં સત્યને જાણવાની, સત્યના ઊંડાણ સુધી પહોંચવાની જિજ્ઞાસા છે તે જ સત્યને પામી શકે છે.

સત્ય પ્રાપ્તિની જિજ્ઞાસા જ સિધ્ધિની પ્રાપ્તિ કરાવે છે.

કોઈ પણ સાધક, કોઈ પણ આરાધક ત્યારે જ સફળ થાય છે જ્યારે તે જિજ્ઞાસાને વ્યક્ત કરે છે.

ગૌતમ સ્વામીને ભગવાન મહાવીર સાથે ઋણાનુબંધ હોવાના કારણે જ સત્યને પામવાની શ્રધ્ધા જન્મી, રૂચી જન્મી અને પાલના જન્મી અને ગૌતમ સ્વામી સત્યને પામી શક્યા.

**હે પ્રભુ ! ક્યારે મારો સ્વાર્થ શૂન્ય થશે ?**


અનેક... અનેક વાર પ્રભુનું નામ, પ્રભુનું જ્ઞાન અને પ્રભુની સમજ મેળવવા છતાં પ્રભુ જેવા બન્યાં નથી, તેનું કારણ શું છે ?
જેવો પુરુષાર્થ પ્રભુનો હતો, તેવો પુરુષાર્થ નથી, તેનું કારણ શું છે ? તેનું કારણ છે **સ્વાર્થ !**

ધર્મ કરો છો... પુણ્ય મળે માટે !
ક્ષમા આપો છો... શાંતિ મળે માટે !
જતું કરો છો... સંઘર્ષ ન થાય માટે !
ક્યાંક નમો છો... આશીર્વાદ મળે માટે !
પ્રેમ આપો છો... પ્રેમ મળે માટે !
જે દિવસે સ્વાર્થ શૂન્ય થશે,
તે દિવસે ધર્મ સાર્થક થશે.

**જ્યાં સ્વાર્થ હોય... ત્યાં નિર્વાણ દૂર હોય**
**સ્વાર્થને શૂન્ય કરવાનો ઉપાય છે પરમાર્થ ! !**

હે પ્રભુ ! ક્યારે મારો સ્વાર્થ શૂન્ય થશે અને ક્યારે મારો પરમાર્થ પરિપૂર્ણ થશે ? ?






# ધર્મ એક યુદ્ધ

– રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

**જો અસત્ જીતી જાય તો અનંત સંસાર બની જાય, જો સત્ જીતી જાય તો અનંત સંસારનો અંત થઈ જાય.**

ધર્મ યુધ્ધ...

સત્ અને અસત્ વચ્ચેનું યુધ્ધ,

મન અને આત્મા વચ્ચેનું યુધ્ધ,

ધર્મ યુધ્ધ કોણ કરે ? ધર્મ યુધ્ધ શા માટે ? ?

ધર્મ યુધ્ધ એ જ કરે જે સાધક હોય.

ધર્મ યુધ્ધ આત્માની શુધ્ધિ માટે હોય, આત્માના હિત માટે હોય, આત્માના કલ્યાણ માટે હોય, આત્મ સિધ્ધિ માટે હોય.

ધર્મ યુધ્ધનો સેનાની એ જ હોય જે ધાર્મિક હોય, જે સાધક હોય.

ધર્મ યુધ્ધના શસ્ત્રો પણ અલગ હોય અને શત્રુઓ પણ અલગ હોય.

ધર્મ યુધ્ધના શસ્ત્રો હોય સંયમ, સાધના, ત્યાગ અને તપ અને ધર્મ યુધ્ધમાં શત્રુઓ હોય અવગુણો અને કષાયો !

યુધ્ધ હોય મન અને આત્માની વચ્ચે !

યુધ્ધમાં નિયમ હોય, ક્યારેક આ જીતે તો ક્યારેક તે જીતે, બંને વચ્ચે ખરાખરીના ખેલ અંતિમ પરિણામ સુધી ચાલુ જ હોય.

માનો કે, આત્મામાંથી ભાવ ઉઠયા કે, આજે સદ્‌ગુરુના સાંનિધ્યે પ્રવચન સાંભળવા જવું છે. એ પ્રમાણે તૈયાર પણ થયાં, ત્યાં જ મનમાંથી અવાજ આવે 6 દિવસ પછી આજે એક રવિવાર મળ્યો છે, તો પેન્ડીંગ કામ પતાવી દે, મામાને ત્યાં દીકરીની સગાઈ નક્કી કરી છે, ત્યાં હરખ કરવા જવાનું છે, એ કામ આજે પતાવી દે, પછી તો આખું વીક ઓફિસ અને કામમાં સમય જ નહીં મળે.

તમે શું કર્યું ? તમે ક્યાં ગયાં ? ?

**જો સદ્‌ગુરુના સાંનિધ્યે ગયાં તો તમારો આત્મા જીતી ગયો અને જો વ્યવહારમાં ગયાં તો તમારૂં મન જીતી ગયું.**

આખા દિવસમાં અનેક વખત આવું યુધ્ધ ચાલતું હોય. એક તરફ સત્ ખેંચે તો એક તરફ અસત્ આપણને ખેંચે ! મનનો અવાજ જુદો હોય અને આત્માનો અવાજ જુદો હોય. આ યુધ્ધ જેની અંદરમાં ચાલે છે તે જ સાધક હોય છે, તે જ ઉપાસક હોય છે અને તે જ પરમાત્માનો આરાધક હોય છે.


જેની અંદરમાં આ યુધ્ધ નથી ચાલતું તે સંસારી હોય છે, સંસારી અને સાધક વચ્ચે આ એક ફરક હોય છે.

એક તરફ થાય માળા કરૂં, એક તરફ થાય ટી.વી. જોઉં, એક તરફ થાય ન્યુઝ પેપર વાંચું. એક તરફ થાય સ્વાધ્યાય કરૂં. અનંતકાળમાં જ્યારે જ્યારે સમજ મળી છે, ત્યારે ત્યારે ધર્મ યુધ્ધ શરૂ થઈ ગયું છે.

પણ શું સમજ મળવા માત્રથી ધર્મ યુધ્ધમાં જીતી શકાય છે ? વિજયી બની શકાય છે ? ? ના ! !

સમજની સાથે સાથે સહાય પણ જોઈએ અને

સપોર્ટ પણ જોઈએ... તીર્થંકરનો, સદ્ગુરુનો, સત્તત્ત્વનો ! માર્ક કરજો, જ્યારે જ્યારે અને જ્યાં સુધી તમે સત્ના સાંનિધ્યમાં હશો, સત્ની વાણીના પ્રભાવમાં હશો, ત્યાં સુધી તમે સબળ હશો, તમારો આત્મા સ્ટ્રોંગ હશે, તમારો આત્મ વિશ્વાસ પ્રબળ હશે, તમે નક્કી જ કરી લેશો, સંકલ્પ કરી લેશો, મારે હવે ગુસ્સો કરવો નથી, મારે કોઈનામાં વધારે પડવું નથી, મારે મારા ભાવમાં જ રહેવું છે, પણ જેવા સત્ના પ્રભાવથી, સત્ના સાંનિધ્યથી દૂર થયા એટલે શું થયું ? બહારની દુનિયામાં આવ્યા, અસત્ની અસર શરૂ થઈ, નાનકડું નિમિત્ત મળ્યું અને ગુસ્સો થઈ ગયો, સંકલ્પ ભૂલાઈ ગયો. આત્મા હારી ગયો. ક્રોધ જીતી ગયો, ક્ષમા હારી ગઈ. અવગુણની જીત થઈ, ગુણ હારી ગયાં. આવેશ જીતી ગયો, શાંતિ હારી ગઈ.




ભગવાન કહે છે,

સમજ હોવા છતાં, વ્યક્તિ યુધ્ધ હારી જાય છે, શા માટે ? કેમકે, એકલી સમજથી યુધ્ધ જીતી ન શકાય, સમજની સાથે સપોર્ટ... સ્ટ્રોંગ સપોર્ટ જોઈએ. માટે જ, આત્મા માટે લડાતા આંતરિક યુધ્ધને 'ધર્મ યુધ્ધ' કહેવાય છે. **ધર્મ યુધ્ધના સેનાપતિ હોય છે તીર્થંકર પરમાત્મા અને જે સમયે તીર્થંકર પરમાત્મા પ્રત્યક્ષ ન હોય, તે સમયે સેનાપતિ હોય છે સદ્ગુરુદેવ !**

**ધર્મ યુધ્ધનો સેનાની હોય છે સાધક... ધર્મ યુધ્ધનો સૈનિક હોય છે આત્મ સાધક અને સેનાપતિ હોય છે સદ્ગુરુદેવ !** જે સતત જગાડયા કરે, જાગૃત રાખે, પ્રેરણા આપે અને હારવાની ક્ષણે જ સપોર્ટ બનીને સહાય કરે. ધર્મ યુધ્ધ કાંઈ આજકાલનું કે આ ભવનું જ નથી. એ તો ભવોભવથી ચાલતું આવ્યું છે, પણ શું થાય, છેલ્લી ઘડીએ હારી જઈએ એટલે પાછા હતાં ત્યાંના ત્યાં આવી જઈએ. યુધ્ધમાં હાર કે જીત હંમેશાં છેલ્લી ઘડીએ જ હોય, પહેલી મિનિટે ક્યારેય ન હોય.

### ધર્મ યુધ્ધ શરૂ ક્યારે થાય ?

કોઈ પણ આત્મા જ્યારે ધર્મ ક્ષેત્રમાં આવે છે, અશુભમાંથી શુભના ક્ષેત્રમાં આવે છે, અશુધ્ધથી દૂર થઈ શુધ્ધ તત્વ તરફ આગળ વધે છે ત્યારે તેની અંદર એક યુધ્ધ શરૂ થાય છે.

અધર્મથી અધર્મ તરફ જવું હોય તો ક્યારેય યુધ્ધ ન હોય. અધર્મથી ધર્મ તરફ વળવું હોય ત્યારે યુધ્ધ હોય.

એક તરફ સંસાર, વસ્તુઓ, સામગ્રીઓ, લાગણીઓ, સંબંધો અને અનેક પ્રકારના આકર્ષણો અને એક તરફ ક્ષમા, નમ્રતા, સંતોષ, અહિંસા, જતું કરવું, શાંતિ રાખવી. જે ક્યારેય કર્યું નથી એ કરવાનું છે, એટલે અંદર શરૂ થઈ જાય એક યુધ્ધ.

**ધર્મ એટલે શુધ્ધિ અને અશુધ્ધિ વચ્ચેનું યુધ્ધ.**

## યુદ્ધ કોણ કરે ?

જેમના મોહનીય કર્મોનો આંશિક ક્ષયોપશમ થયો હોય અને જે સાધક હોય. સાધક માટે પણ આ યુધ્ધમાં સતત જોડાયેલાં રહેવું અતિ દુર્લભ છે.

એક તરફ ગમો છે અને એક તરફ એ ગમો મારા માટે યોગ્ય નથી એ અવાજ અંદરથી આવે છે. એક તરફ તાપ લાગતો હોય ત્યારે મન કહે, વૃક્ષનો છાંયો શોધી લે અને આત્મા કહે, ના ! કાયાકલેશ તપ કરી લે.

ઉપવાસની સાધના હોય અને ભૂખ લાગે તો મન કહે, કાંઈ વાંધો નહીં, આજે જમી લે, પછી કોઈ વાર ઉપવાસ કરી લેજે, જ્યારે આત્મા કહે, ના ! તારે ઉપવાસના પચ્ચક્ખાણ છે. તારાથી જમી ન શકાય, તું સાધક છો અને સાધક એ જ હોય જે ક્ષણે ક્ષણે દરેક પરિસ્થિતિને સહન કરે.

એક તરફ બધાં મિત્રો મુવી જોવા જતાં હોય, તમને પણ સાથે આવવાનું કહે, કેમકે આજ સુધી તમે બધાં જ મુવી સાથે જોયા છે, એટલે એક ક્ષણ માટે મન કહે છે, ચાલને આજનો દિવસ બધાં કહે છે તો એમનું માન રાખી લઉં, પછી ના પાડી દઈશ, જ્યારે આત્માનો અવાજ આવશે, ના, સાધકે મુવી જોવા ન જવાય, એ પરમાત્માની આજ્ઞા નથી, તું મુવી જોવા જઈશ તો તારા ગુરુદેવને નહીં ગમે.

એક તરફ મન આકર્ષણ તરફ લઈ જાય અને આત્મા યાદ અપાવે છે, ના ! સાધક તો યુધ્ધનો સેનાની હોય, એ કાયર ન હોય. સાથે સાથે પરમાત્માની અને ગુરુની સ્મૃતિ એનું બળ બની જાય, એની તાકાત બની જાય. આમ આત્મા અને મન વચ્ચે સતત યુધ્ધ ચાલતુ જ હોય. એક તરફ સંસારનો શેતાન હોય અને એક તરફ પરમાત્મા અને ગુરુ હોય.

## આ યુદ્ધમાં જીતે કોણ?

જેનું સ્થાન જેટલું સ્ટ્રોંગ હોય, એટલું એનું પરફોર્મન્સ, એની ક્રિયા અને એનો વ્યવહાર તે તરફનો હોય.

માનો કે, પરમાત્માનું સ્થાન, ગુરુનું સ્થાન, સત્ તત્ત્વનું સ્થાન, સત્ વિચારનું સ્થાન સ્ટ્રોંગ હોય તો સંકલ્પ થોડો દઢ બને. થોડો સમય પસાર થઈ જાય, ફરી માનવ સાયકોલોજીની અસરના કારણે મન આગળ આવી જાય એકવાર કરી લઉં, પછી નહીં કરૂં, ત્યાં બીજી જ ક્ષણે અંદરથી અવાજ આવે, ના ! નહીં, મારે આવું ન કરાય, મારાથી આવું ન થાય !

સતત કરાય, ન કરાય, થાય, ન થાય, ના યુધ્ધમાં અંતે જે સ્ટ્રોંગ રહે તે જીતી જાય.

યુધ્ધ જ્યારે ચાલતું હોય ત્યારે બે વાત યાદ રાખવી જોઈએ. એક, શત્રુને ક્યારેય નબળા ન માનવા જોઈએ અને ક્યારેય નબળા માની ઓવર કોન્ફીડન્સમાં ન આવવું જોઈએ, નહીં તો પેલા હેર અને ટોરટોઈઝ જેવું થાય. સસલાને થાય છે આ કાચબો ધીમી ગતિએ ચાલનારો હજુ તો ઘણો પાછળ છે, લાવ થોડીવાર હું આરામ કરી લઉં. એની થોડીવારની આળસ, એની ઊંઘ એને હરાવી દે છે.

બીજી વાત જ્યારે આપણામાં સ્વયં યુધ્ધ લડવાની ક્ષમતા ન હોય તો આપણે કોઈ સક્ષમને સોંપાઈ જવું જોઈએ.

કૌરવો અને પાંડવો વચ્ચે જ્યારે યુધ્ધ થવાનું હતું ત્યારે બંને શ્રીકૃષ્ણ મહારાજ પાસે ગયાં. શ્રી કૃષ્ણ સૂતા હતાં એટલે એક પગ પાસે અને એક માથા પાસે બેસી ગયાં. શ્રી કૃષ્ણ ઊઠયાં. બંનેએ વાત કરી. શ્રી કૃષ્ણ એ કહ્યું, એક તરફ મારી હજારો સૈનિકો અને હાથી-ઘોડાની સેના છે અને એક તરફ હું છું. જેને જે જોઈએ તે લઈ લ્યો.

દુર્યોધને કહ્યું, પહેલાં હું માંગું છું. મને તમારી સેના આપો. દુર્યોધનને સેના મળી અને પાંડવોને શ્રી કૃષ્ણ !

જેમ બાહ્ય યુધ્ધમાં સપોર્ટની જરૂર પડે છે, તેમ અંતર યુધ્ધમાં પણ સપોર્ટની જરૂર પડે છે. કેમકે, યુધ્ધમાં નિમિત્તોની પણ અસર હોય છે. આત્મા ગમે તેટલો સ્ટ્રોંગ હશે પણ જો આસપાસ અસત્‌ના નિમિત્તો હશે તો પણ યુધ્ધમાં હારી જવાશે.

સાધકે, આત્મ સેનાની એ આંતર યુધ્ધ લડતી વખતે, મોહનીય કર્મોને જીતવા માટે ત્રણ વસ્તુઓને ધ્યાનમાં રાખવી જોઈએ.

(1) પોતાની વૃત્તિ પર જીત મેળવવાની,

(2) પોતાની પ્રકૃત્તિ પર જીત મેળવવાની

(3) પોતાના અવગુણો પર જીત મેળવવાની.

અને પછી જો ગુરુકૃપા રૂપી શ્રી કૃષ્ણનો સપોર્ટ હોય તો તમારો આત્મ વિજય નિશ્ચિંત થઈ જાય.

તમારે જો સત્‌ને જીતાડવો હોય, આત્માને જીતાડવો હોય તો નિમિત્તો દ્વાર ખખડાવે ત્યારે દ્વાર ખોલવાની ભૂલ ન કરવી. જરાક ભૂલ થઈ ગઈ, એક પગથિયું ઉતરી ગયાં તો પછી કેટલાં પગથિયાં ઉતરાય જશે ખબર જ નહીં પડે.

પતનનો માર્ગ હંમેશાં લીસ્સો હોય છે, જરાક લપસ્યાં તો સીધા નીચે !

**સત્‌ના પગથિયાં હોય અને**
**અસતની લપસણી હોય.**

પગથિયાં એક એક ચઢાય અને લપસણીમાં સડસડાટ નીચે ઉતરાય, એમાં જરાપણ મહેનત કરવી ન પડે. માટે જ, સેલ્ફ કંટ્રોલ અત્યંત જરૂરી છે. વૃત્તિ અને પ્રકૃત્તિ પર કંટ્રોલ રાખવો ખૂબ જરૂરી છે.

ભગવાને પણ કહ્યું છે,

હું જ મારા સુખ અને દુ:ખનું કારણ છું.

**જો મન જીતી જાય તો આત્મા માટે દુ:ખનું કારણ બની જાય છે અને જો આત્મા જીતી જાય તો આત્મા માટે સુખનું કારણ છે.**

વ્યક્તિ વ્યસની કેવી રીતે બને છે ?

સેલ્ફ કંટ્રોલ ન હોવાના કારણે જ ને !

વ્યક્તિ પહેલી સીગરેટ કે પહેલી વાર ડ્રીંક કુતુહૂલ માટે, જોવા માટે લે છે, બીજીવાર ટેસ્ટ કરવા માટે લે છે અને ત્રીજીવાર ? ત્રીજીવાર મન લેવા માટે લલચાઈ જાય છે અને પછી એ ક્યારે આદત અને ક્યારે વ્યસન બની જાય છે ખબર જ પડતી નથી ! પણ જો પહેલી જ વાર મન ઉપર કંટ્રોલ હોય તો ? ? ના ! આ વસ્તુ યોગ્ય નથી અને મારા લાયક નથી એટલે મારે એ જોઈએ જ નહીં, તો ? ? તો ન આદત પડે, ન વ્યસન થાય ! માટે જ, અવગુણો સામે ગુણોને જીતાડવાના છે. જેમ જેમ અવગુણો હારશે, ગુણ વધારે ને વધારે ખીલશે.

હંમેશાં એક વાત યાદ રાખવાની, અસત્ નિમિત્તોની અસર ખૂબ જ ફાસ્ટ થાય છે અને સત્ નિમિત્તોની અસર એકદમ સ્લો હોય છે.

ધર્મ સ્થાનકમાં કે સદ્ગુરુના સાંનિધ્યે દસ વાર આવો ત્યારે કંઈક અસર થાય અને ડીસ્કો કે ક્લબમાં બે વાર જાઓ અને ત્રીજીવાર તો મન જવા ઉતાવળું થાય. ન જવા મળે ત્યાં સુધી ચેન ન પડે એવી હાલત થઈ જાય !

સાધક બનવું એ પણ એક યુધ્ધ છે. ધર્મ કરવો એ પણ એક યુધ્ધ છે.


## Matrimonial



Name : RONAK DIPAKBHAI BAVISHI
Bd/Bt/Bp : 30th November, 1986/00:50 AM/Rajkot
Ht / Wt : 5'11" / 68kg
Religion : Dashashrimali Sthanakvasi Jain
Education : BE (EC) (ADIT V.NAGAR), MBA (RUTGERS, USA)
Job Profile : Working in Jetro Holdings LLC, New York
Email : ronakbavishi@gmail.com
Father : Shri Dipakbhai Kantilal Bavishi Mob. No.: 09909955780
Mother : Shri Charuben Dipakbhai Bavishi Mob. No.: 09979728706
Father's Business : Wholesale Textiles Business - M/s. Vardhman Textiles - Rajkot; M/s. Vardhman Trad. Co. Ahmedabad; M/s. Vardhman - Dr. Yagnik Road, Rajkot.
Email : dkbavishi@gmail.com
Sister : Shri Meghaben Niravbhai Lakhwani - Rajkot
Grand Father : Shri Kantilalbhai (Kanubhai) Rugnath Bavishi
Grand Mother : Late Shri Sudhaben Kantilal Bavishi
Residence : "Shamdeep" 38, Shantiniketan Society, University Road, Rajkot - 360 007. Tel.: 0281-2573481, 2575234
Uncles : Shri Rajeshbhai Bavishi (M/s. Viraj Industries, Rajkot) - 09825077161
Shri Virenbhai Bavishi (Saphire Micro System, Mumbai) - 09821011922
Shri Atulbhai Bavishi (Chemi Care, Mumbai) - 09821133332
Mosal : Shri Navinbhai; Shri Pravinbhai; Shri Arunbhai; Late Shri Hareshbhai; Shri Harshadbhai; Shri Jitendrabhai Adani - Rajkot.

**Visiting India during Nov 2015**



Balwant G. Parekh 98200 65056 amish.p41@gmail.com Amish B. Parekh 98200 52556

# Shantinath Industries

Manufacturing : Lighting Luminaries
Labour Job : Powder Coating and Vitreous Enamelling

We are manufacturing for allleading Lighting Companies such as "Wipro Ltd., Bajaj Electricals Ltd., Crompton Greaves Ltd.,"

Unit II, B-2/2, Opp. Sanghavi Garden,Sagaoen M.I.D.C Phase Manpada Road, Dombivli (E), Dist. Thane - 421 204.




# દીક્ષા શા માટે ?

## પ્રશ્ન તમારા...
## પ્રત્યુતર અમારા...

*પરમાત્માના ધર્મ પ્રત્યે રૂચિ થવી અને પરમાત્માના ધર્મની અનુભૂતિથી પ્રસન્નતા થવી એને બોધિ કહેવાય.*

*પરમાત્માના ધર્મ પ્રત્યે અરૂચિ થવી અને પરમાત્માના ધર્મ અનુભૂતિથી દૂર થવું તેને અબોધિ કહેવાય.*

*– રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ*

से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए।
सोच्चा भगवओ अणगाराणं वा अंतिए इहमेगेसिं णायं भवए
एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे,
एस खलु णरए। इच्चत्थं गढिए लोए।
जमिणं विरुवरुवेहिं सत्थेहिं पुढविकम्मसमारंभेणं
पुढविसत्थं समारंभमाणे अण्णे अणेगरुवे पाणे विहिंसइ।

જીવનના નિર્વાહ માટે જ્યારે હિંસા કરવામાં આવે છે ત્યારે તે આત્માના અહિતનું કારણ બને છે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ બોધિના અભાવનું કારણ બને છે. હિંસાથી થતાં દુષ્પરિણામોને સમજી આવા પ્રકારના અનેક બોધને પરમાત્મા કે ગુરુ ભગવંતના શ્રીમુખેથી સાંભળી સાધક પ્રભાવિત થાય છે અને તેનો આત્મા ભાવિત થાય છે. તે સમયે તેને જ્ઞાન થાય છે કે જીવ હિંસા એ જ આત્માને કર્મો સાથે જોડવાવાળી ગાંઠ છે, ગ્રંથી છે, આ જ આત્માનો ભ્રમ છે, આ જ મૃત્યુનું કારણ છે અને આ જ નરકનું કારણ છે. આ સત્યને જાણી સાધક આત્મ સાધના માટે તત્પર બને છે.

તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલું આ સત્ય રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શ્રીમુખેથી જાણી અને ગુરુકૃપા એ રીયલાઈઝ થતાં જે ગ્રહણ કરવા યોગ્ય છે તે ગ્રહણ કરવા અને જે ત્યાગવા યોગ્ય છે તેને ત્યાગી સદ્દગુરુના શરણે આત્મ અર્પણ કરી, એમના સાંનિધ્યે સંયમ ગ્રહણ કરી સંયમ પંથે પ્રયાણ કરી રહેલાં દીક્ષાર્થીઓના **'દીક્ષા શા માટે ?'** ના ભાવો જાણવા ઉત્સુક હૈદરાબાદના શ્રી હાર્દિકભાઈ પટેલએ લીધેલ ઈન્ટરવ્યુ...

આવો... આપણે મળીએ દીક્ષાર્થી શ્રી મિતુલભાઈ તુષારભાઈ મહેતાને... જે રાજકોટના નિવાસી છે અને I.T. Engineer છે. માતા -પિતાના એક માત્ર સંતાન છે અને 24 વર્ષના આજના યુવાન છે અને છતાંય એમણે દીક્ષાના માર્ગે આવવાનો નિર્ણય લીધો છે... શા માટે ? ? એમના જ શબ્દોમાં એમના ભાવોને જાણીએ...



**Q** આપના માટે દીક્ષા શબ્દનો અર્થ શું છે ?

**A** દીક્ષા એ પ્રોસેસ છે જેમાં પોતામાં રહેલાં ગુણોને પ્રગટ કરવાનો અને અવગુણોને કાઢવાનો સતત પુરુષાર્થ કરવો.

**Q** આ સંસારમાં આટલાં બધાં ડીસ્ટ્રેકશન્સની વચ્ચે તમે પોતાને મોટીવેટેડ અને ફોકસ કેવી રીતે રાખશો ?

**A** મોટીવેશનમાં બે નિમિત્તો ભાગ ભજવે છે, એક છે ગુરુની પ્રેરણા અને બીજું સ્વયંનો આત્મવિશ્વાસ !

**Q** તમે જ્યારે પૂ. શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબને પહેલી વાર મળ્યાં ત્યારે તમારા અંતરમાં શું ભાવ હતાં ?

**A** પરિવારના કારણે નાનપણથી પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા જતો હતો પણ 2008 ની પાંચ દિવસની શિબિર એટેન્ડ કરી ત્યારે પૂજ્ય ગુરુદેવના એક એક વચન સાંભળતાં હું વિચારમાં પડી ગયો હતો, કે ‘ખરેખર મારે કરવા જેવું શું છે ?’ અને આ એક જ વિચાર મને વારંવાર વારંવાર પૂજ્ય ગુરુદેવ પાસે ખેંચી જતો હતો અને દર વખતે હું એમને માર્ગદર્શન માટે વિનંતી કરતો, ગુરુદેવ ! અત્યારે હું ફર્સ્ટ યર એન્જિનીયરીંગમાં છું, હું શું કરું ?, ગુરુદેવ ! હવે હું સેકન્ડ યરમાં આવ્યો, મારે શું કરવું જોઈએ ? અને ધીમે ધીમે પૂજ્ય ગુરુદેવની પ્રેરણા અને અલગ અલગ આજ્ઞા દ્વારા એમનો સંકેત સમજાય ગયો કે, હું જે કાંઈ કરું છું તે ટેમ્પરરી છે અને મારે તો પરમેનન્ટ માટે એચીવ કરવાનું છે અને એ એચીવ કરવા માટે મારે સંયમના માર્ગે આવવાનું છે.

**Q** જો સેલ્ફ એટેઈન્ટમેન્ટ - ‘સ્વ’ ની પ્રાપ્તિ એ જ તમારું મૂળભૂત કારણ છે તો એ તો તમે સંસારમાં રહીને પણ એચીવ કરી શકો છો તો પછી દીક્ષા જ શા માટે ? ?

**A** કોઈ પણ સ્થાને પહોંચવું હોય તો બે માર્ગ હોય. એક હોય એકસપ્રેસ હાઈ વે જેમાં બહુ જ ઓછા સ્ટોપ્સ હોય અને એક હોય નેશનલ હાઈ વે... જેમાં ઘણા બધાં સ્ટોપ્સ હોય. સંસાર એટલે નેશનલ હાઈ વે... જેમાં ઘણી બધી જવાબદારીઓ હોય, ઘણા બધાં સંબંધો, લાગણીઓ આદિ હોય, જ્યારે સંયમ એટલે બે જ સ્ટોપ, આત્મા અને પરમાત્મા ! ! એટલે આ માર્ગે તમારા લક્ષ્ય સુધી પહોંચવું ઈઝી અને ફાસ્ટ થઈ જાય અને સાથે પૂજ્ય ગુરુદેવ જેવા માર્ગદર્શક હોય એટલે આડા-અવળા જવાનો કોઈ ચાન્સ જ ન રહે, સડસડાટ મંઝિલ તરફ ! !

**Q** ઘણા લોકો એવા હોય છે જે સંસારમાં રહીને પોતાની જવાબદારી પણ નિભાવતા હોય છે અને ધર્મ પણ કરતાં હોય છે. તમને નથી લાગતું દીક્ષા લઈને તમે બધાં કર્તવ્યોથી દૂર થઈ જશો ?

**A** બહુ સરસ વાત કરી આપે... સૌથી પહેલાં તો મારા લગ્ન નથી થયાં એટલે મારા ઉપર વધારે કોઈ જવાબદારી નથી અને મારૂં વિચારવા માટે હું ફ્રી છું. હા, માતા-પિતા પ્રત્યેની મારી જવાબદારી ખરી, પણ જ્યારે હું આ માર્ગે આવ્યો છું ત્યારે હવે તેમના વિચારો અને તેમના હેતુ પણ બદલાય ગયાં છે. જો મિતુલ આટલી નાની ઉંમરે આ માર્ગે જઈ રહ્યો છે તો આપણે પણ શા માટે સંસારી પ્રવૃતિઓમાં સમય બગાડીએ ? એટલે ધીમે ધીમે તેઓ પણ ધર્મમાં આગળ વધી રહ્યાં છે. હું એમની સંસારની જવાબદારીઓ પૂરી નથી કરી શક્તો પણ મારો આ માર્ગ એમના આત્માની ઉન્નતિ માટે પ્રેરણા રૂપ જરૂર બની રહ્યો છે.

**Q** મિતુલભાઈ ! પૂ. શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનું સાંનિધ્ય એ તમારા સંયમ જીવન માટે ઈન્સ્પીરેશન છે,

પણ દીક્ષા પછી જરૂરી નથી કે મહારાજ સાહેબ હંમેશાં તમારી સાથે જ રહેશે તો પછી તમે તમારી જાતને એટલું જ મોટીવેટ કરી શકશો ? તમારા સેલ્ફ પર એટલું જ ફોકસ કરી શકશો ?

**A** જેમ એક છોડ નાનો હોય ત્યારે માળીની જરૂર પડે, એક બાળકને આગળ વધવા પિતાના છત્રની જરૂર પડે અને પછી જ્યારે એનો વિકાસ થઈ જાય, એ સક્ષમ થઈ જાય પછી એ પોતે જ સસ્ટેઈન કરી શકે. એમ અત્યારે સંયમના માર્ગે અમે એક બાળક છીએ એટલે અમને ગુરુ રૂપી માળીની, ગુરુ રૂપી પિતાની જરૂર હોય જ પણ ગુરુકૃપા એ જ્યારે અમે સક્ષમ થઈ જશું, અમારો યોગ્ય વિકાસ થઈ જશે, અમે અમારી જાતે ઉડી શકીએ એવી પાંખો આવી જશે ત્યારે પૂજ્ય ગુરુદેવ જ અમારે ક્યાં અને કેવી રીતે ફોકસ કરવું તેની આજ્ઞા આપશે.

**Q** પૂ. નમ્રમુનિ મહારાજ સાહેબની એવી કઈ આજ્ઞા છે જે તમારા અંતરને એકદમ સ્પર્શી ગઈ છે ?

**A** પૂજ્ય ગુરુદેવના સાંનિધ્યમાં એક આજ્ઞા મારા માટે સવિશેષ રહી છે કેમકે એનાથી મારા હૃદયનું, મારા ભાવોનું પરિવર્તન થયું છે.

પૂજ્ય ગુરુદેવને સમર્પિત થયાં પછી એકાદ વર્ષમાં જ મારાથી એક ભૂલ થઈ ગઈ. એના પ્રાયશ્ચિત રૂપે પૂજ્ય ગુરુદેવે મને આજ્ઞા આપી કે આજે સવારથી ચૌવિહાર સુધી **આ પારસધામમાં જેટલી પણ વ્યક્તિઓ જમે એ બધાંની થાળી તારે ધોવાની !**

**પારસધામમાં સવારે નૌકારશીમાં 200 જેટલાં, જમવામાં 200 અને ચૌવિહારમાં પણ 200 જેટલાં લોકો હતાં. તે દિવસે મેં લગભગ 600 જેટલી પ્લેટસમાંથી વધેલું એઠું કાઢી, એક એક પ્લેટસ્‌ને ધોઈ અને પ્રોપર કલીન કરીને વ્યવસ્થિત મૂકી હતી.**

એ આજ્ઞાનું પાલન કરતાં કરતાં મને ફીલ થતું હતું કે, જાણે મારો ઈગો ડાઉન થઈ રહ્યો છે. મને રીયલાઈઝ થયું કે હું મારી જાતને કેટલો મોટો માનતો હતો અને આજે ગુરુદેવની આજ્ઞાથી હું નાનામાં નાનું કામ અને એ પણ એવું જેમાં સૂગ આવતી હોય તે પણ કેટલી સહજતાથી કરી શક્યો !! કેમકે, ગુરુદેવની દરેક આજ્ઞા પાછળ કંઈક હેતુ હોય છે. તે દિવસે મને લાગ્યું કે હું ખોટો ઈગોમાં જીવી રહ્યો છું અને રોજ આ કામ કરનારને પણ સમજી શક્યો.

**Q** મિતુલભાઈ ! મહાવીર સ્વામીના સમયમાં સાધુ જીવનનું આચરણ કંઈક અલગ હતું, શું તમને લાગે છે આ કાળમાં, આટલી બધી ડીફીકલ્ટીઝની વચ્ચે તમારા સંયમ જીવનને ન્યાય આપી શકશો ?

**A** તમે બહુ સરસ પ્રશ્ન પૂછ્યો. ઘણા બધાં લોકોના મનમાં હોય છે કે, સંયમ માર્ગ બહુ ડીફીકલ્ટ હોય છે પણ ખરેખર તો ડીફીકલ્ટીઝ ડીફીકલ્ટ છે તે આપણી જ ડીફાઈન કરેલી ડેફીનેશન છે.

એક આર્મી મેન માટે બોર્ડર ઉપર જઈ યુધ્ધ કરવું સહજ વાત હોય છે જ્યારે સામાન્ય વ્યક્તિ માટે બહુ ડીફીકલ્ટ હોય છે. એમ મને સંયમ માર્ગ સહજ લાગે છે જ્યારે બીજા બધાંને ડીફીકલ્ટ લાગે છે.

આ પાંચમાં આરામાં સંસારમાં ક્ષણે ક્ષણે દુ:ખની વચ્ચે પોતાને ખુશ રાખવા એ જ સૌથી ડીફીકલ્ટ વાત છે, જ્યારે અહિંયા, ગૌચરી, વિહાર, લોચ જેવી નાનકડી ડીફીકલ્ટીઝની સામે પળે પળ આંતરિક પ્રસન્નતા અને સમાધિ પ્રાપ્ત થાય છે.

હું જ્યારે 12th માં હતો ત્યારે એક વાક્ય વાંચ્યુ હતું, કે Difficulties in life never come to destroy you, but it helps you to realize your hidden potentials and powers.

આ વાક્યને મેં મારો જીવન મંત્ર બનાવ્યો છે એટલે જ્યારે પણ ડીફીકલ્ટી આવે ત્યારે તરત જ જવાબ મળે આ ડીફીકલ્ટી નથી પણ તારી અંદરમાં રહેલી ક્ષમતાને પ્રગટ કરવા આવી છે, તારે તો એને વેલ્કમ કરવાની છે.

પરમાત્મા મહાવીર પણ જ્યારે બધું છોડીને જંગલની વાટે નીકળ્યાં હતાં ત્યારે બધાંને એમ જ લાગતું હતું કે એ તો ડીફીકલ્ટીઝની વચ્ચે જઈ રહ્યાં છે, પણ ના... તેઓ તો એમની આંતરિક ક્ષમતાને ખીલવવા જઈ રહ્યાં હતાં, માટે જ, હું પણ સંયમ માર્ગની કોઈ પણ ડીફીકલ્ટીઝથી દૂર નહીં ભાગુ કેમકે હું મારી આંતરિક ક્ષમતાને પ્રગટ કરવા આ માર્ગે આવ્યો છું.

બહુ સરસ વાત કરી મિતુલભાઈ ! તમારા આટલાં સરસ અને સ્પષ્ટ વિચારો જોઈને લાગે છે કે આજકાલના યુવાનો પણ આવું ઊંડાણ ભર્યું વિચારી શકે છે.

**Q** આજકાલના યુવાનો બહુ ઈમોશનલ હોય છે, ફીલીંગ્સ સાથે એટેચ હોય છે, એમના માટે કોઈ મેસેજ !

**A** હું પણ આજના યુગનો જ યંગસ્ટર છું. આજના યંગસ્ટર્સ જેવી જ લાઈફ જીવી રહ્યો હતો. એવી જ સ્કૂલ લાઈફ, કોલેજ લાઈફ પણ... એ સમયે હું એનાલીસીસ કરતો હતો કે, **આજની એજ્યુકેશન સીસ્ટમ સકસેસ થવા માટે તો ઘણું બધું શીખવે છે પણ ફેઈલ થાવ ત્યારે કેવી રીતે નાશીપાસ અને નિરાશ થયા વિના આગળ વધવું એ નથી શીખવતી જેના કારણે ઘણા બધાં ડીપ્રેશન્સમાં આવી જાય છે અને ક્યારેક અયોગ્ય પગલું પણ ભરી લે છે.** તો કોઈક એગ્રેસીવ બની જાય છે તો કોઈક નેગેટીવ !!

ફેઈલરની મોમેન્ટસ વખતે શું કરવું તે આજના યંગસ્ટર્સને સમજાતું નથી કેમકે ક્યાંયથી શીખવા નથી મળ્યું કે નથી કોઈએ શીખવ્યું !

**સ્પીરીચ્યુઆલીટી એક એવો માર્ગ છે જે આપણને લાઈફને બેલેન્સ કરતાં શીખવે છે.** સ્પીરિચ્યુઆલીટી આપણને ફેઈલરના સમયે કેવી રીતે માઈન્ડને શાંત રાખવું, કેવા વિચારો પર ફોકસ કરવું અને કેવા પ્રકારના પ્લાન એકઝીક્યુટ કરવા તે શીખવે છે.

શરૂઆતમાં જ્યારે હું પૂજ્ય ગુરુદેવ પાસે આવ્યો ત્યારે મારા માઈન્ડમાં પણ લાઈફને બેલેન્સ કરવાનું અને ફેઈલર સમયે શું કરવું તે સમજવાનું જ લક્ષ્ય હતું પણ અહીં આવ્યા પછી સમજાયું કે સ્પિરિચ્યુઆલીટી માત્ર લાઈફને બેલેન્સ કરવા માટે જ નથી પણ લાઈફને યુ-ટર્ન આપી, ઉન્નતિના નવા શિખરે લઈ જવા માટે છે, આત્મશુધ્ધિ માટે છે. આજના યંગસ્ટર્સને મારો એટલો જ મેસેજ છે, આ માર્ગે આવો તો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે પણ ન આવી શકો તો લાઈફને બેલેન્સ રાખવા માટે પણ તમારી લાઈફમાં સ્પિરિચ્યુઆલીટીને એક સ્થાન જરૂર આપશો. સ્પિરિચ્યુઆલીટી તમને હતાશ અને નિરાશ નહીં થવા દે અને એક નવી દિશા જરૂર બતાવશે.

**Q** ખૂબ જ સરસ મિતુલભાઈ ! આપનો આ મેસેજ દરેક યંગસ્ટર્સે જીવનમાં ઉતારવા જેવો છે. હજુ એક પ્રશ્ન મિતુલભાઈ ! દરેક વિચારતા હોય છે કે આજથી પાંચ-દસ વર્ષ પછી હું ક્યાં હોઈશ ? તમને શું લાગે છે ?

**A** તમારી વાત સાચી છે, દરેકના મનમાં આ વિચાર હોય જ છે. પણ પૂજ્ય ગુરુદેવના સાંનિધ્યમાં, એમની જ્ઞાનવાણી સાંભળતાં એટલું તો સમજી શક્યો છું, કે કાલ આવતા પહેલાં કાળ પણ આવી શકે છે. આવતી કાલ મારી પાસે હશે કે નહીં તેનો કોઈ ભરોસો નથી. આજનો દિવસ મારો અંતિમ દિવસ છે એમ માનીને હું મારો ગોલ એચીવ કરવાનો પુરુષાર્થ કરૂં છું અને એ ગોલ પૂરો થતાં નવા દિવસે નવા ગોલનો સંકલ્પ કરૂં છું.

**Q** મિત્રો ! મિતુલભાઈના બહુ સરસ ભાવોને આપણે સાંભળ્યાં, હવે છેલ્લો પ્રશ્ન... આપણા રીડર્સ માટે કોઈ મેસેજ આપશો ?

**A** આ માટે તો હું ઘણો નાનો કહેવાઉં, પણ પૂજ્ય ગુરુદેવનો જે મેસેજ સાંભળી, મારી અંદરનો આત્મા જાગ્યો, મારી અંદરનો પુરુષાર્થ જાગ્યો અને હું આ માર્ગે આવી ગયો, એ જ પૂજ્ય ગુરુદેવના વચનો હું આપની સમક્ષ વ્યક્ત કરૂં છું.

જેમ એક ખેડૂતને ખબર હોય છે કે વરસાદ આવવાનો સમય થઈ ગયો છે એટલે એ ખેતરને ખેડીને ઉત્તમ કક્ષાના બીજનું વાવેતર કરશે જેથી સારામા સારી ગુણવત્તા વાળી ફસલ ઉગે.

એવી જ રીતે આપણને પણ ખબર હોવી જોઈએ કે આ મનુષ્યભવની સારામાં સારી ફળશ્રુતિ પ્રાપ્ત કરવી હોય તો આજથી જ આપણી આત્મધરાને ખેડીને, એમાં જ્ઞાન અને સમજ રૂપી ઉત્તમ કક્ષાના બીજનું વાવેતર કરવું જોઈએ. આત્મશુધ્ધિના લક્ષ સાથે આજથી સ્પિરિચ્યુઅલ ગ્રોથની શરૂઆત કરવી જોઈએ. જેથી લાઈફ બેલેન્સ અને કમ્પલીટ બની રહે. પરમેનન્ટ માટે કંઈક એચીવ કરી શકીએ.

**મિતુલભાઈએ ખૂબ જ સરસ મેસેજ આપ્યો છે. આપણે પણ એ મેસેજને આપણા જીવનમાં ઉતારી, લાઈફને ઈમ્પ્રુવ કરવા માટે પુરુષાર્થ કરીએ.**



# સંયમ અનુમોદના ઉત્સવ

સાત સેનાની આત્મ સંગ્રામે...
સંયમ સન્માન થાય નગરે નગરે

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પાસે પ્રેરણા પામી, એમના સાંનિધ્યે આગામી 14.02.2016 મુંબઇના પાવનધામ કાંદિવલીમાં દીક્ષા અંગિકાર કરનાર સાત-સાત યુવા અને શિક્ષિત દીક્ષાર્થીઓ શ્રી મિતુલભાઇ મહેતા (આઇ.ટી.એન્જિનીયર), શ્રી અખિલભાઇ દોશી (એચ.એસ.સી.), ડૉ. શ્રી પૂજાબેન વેગડા (એમ.બી.બી.એસ.) શ્રી તન્વીબેન દેસાઇ (સી.એ.), શ્રી મોનાબેન ફોફરીયા (એડવોકેટ), શ્રી જિગીશાબેન દોશી (એચ.એસ.સી.) અને શ્રી કિંજલબેન દોશી (એચ.એસ. સી.) ની સંયમ ભાવનાની અનુમોદના કરવા.. સંયમી આત્માઓનું સન્માન કરવા ગામે ગામના સંઘો ઉત્સાહિત છે, જ્યારે લુક એન લર્ન અને અર્હમ પરિવારનો આનંદ અપરંપાર હોય છે. અર્હમ પરિવાર ઢોલ-નગારા અને મોટા મોટા બેનર સાથે જિન શાસન અને સંયમીઓનો જય જયકાર કરે છે ત્યારે એક કૂતુહૂલ ભર્યું દશ્ય સર્જાય છે અને જ્યારે જાણે છે કે આવા યંગ અને સ્માર્ટ યંગસ્ટર્સ સંસારનો મોહ અને સુખોને ત્યાગી સંયમના કષ્ટોને સહર્ષ સ્વીકારવા જઇ રહ્યાં છે ત્યારે આશ્ચર્ય સાથે અહોભાવ વ્યક્ત થઇ જાય છે. દરેક ક્ષેત્રમાં બિરાજમાન સંત-સતીજીઓના આશીર્વાદમાં ગૌરવની ગરીમા હતી તો સંઘ પ્રમુખ, ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓનો આનંદ અને ઉત્સાહ અનેરા હતાં. બાળકો તો જાણે એમના સ્વાગતને નૃત્યથી સજાવવા થનગની રહ્યાં હતાં. મહિલા મંડળના બહેનોની ખુશી એમના સંયમ સાંજીના સૂરોમાં લહેરાતી હતી.

દરેક ક્ષેત્રમાં સમય અને સંજોગો અનુસાર સંયમ શોભા યાત્રા, સંયમ સાંજી, સન્માન સમારોહ, બેહું વર્ષીદાન આદિ આયોજનો સાથે અર્હમ યુવા ગ્રુપે ગરીબ પરિવાર, પ્રજ્ઞાચક્ષુઓ, નાના બાળકો આદિને અન્નદાન, વસ્ત્રદાન અને જ્ઞાનદાન દીક્ષાર્થીઓના હસ્તે કરાવી સેવાના સત્કાર્યો કરાવ્યા હતાં. આત્માર્થ અર્થે આગળ વધી રહેલાં આત્માઓ, પરમાર્થ સાથે પરમ પંથના પથિક બનવા જઈ રહેલાં આ દીક્ષાર્થીઓના દરેક ક્ષેત્રમાં શ્રી સંઘે, ઉપસ્થિત સમાજ અને સંસ્થાઓએ, મહિલા મંડળોએ, યુવા ગ્રુપે, અર્હમ પરિવારે, લુક એન લર્નના દીદીઓએ ભાવ, ભક્તિ અને શ્રધ્ધા સાથે, શુભેચ્છા ભાવના સાથે, શુકનવંતા પ્રતિક અર્પણ કરી સન્માન કર્યાં હતાં.

દીક્ષાર્થીઓના સંયમ ભાવો અને લાઈફમાં આવેલા યુ-ટર્નથી સર્વના હૃદયમાં આજની ચંચળ યુવા પેઢીમાં આવા વિનમ્રતા અને જ્ઞાનના સંસ્કારનું સિંચન કરનાર પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અહોભાવ પ્રગટતો હતો.

## ચેન્નઈ




દીક્ષાર્થીઓ સી. યુ. શાહ ભવન પધારતાં ઇન્દ્ર-ઇન્દ્રાણીના પરિવેશમાં અર્હમ્ પરિવારે સ્વાગત કર્યું હતું. આદિનાથ મંડળે ભક્તિ રસમાં સહુને ભિંજવ્યા હતાં. લુક એન લર્નના બાળકોએ નૃત્ય કરેલ અને દીક્ષાર્થીઓએ બેહું વર્ષીદાન કરેલ. શ્રી સંઘ અને અર્હમ પરિવાર, લુક એન લર્ન આદિએ દીક્ષાર્થીઓનું સન્માન કર્યું હતું.

બીજે દિવસે સવારે **અધ્યાત્મયોગીરાજ ગુરુદેવ પૂજ્ય શ્રી જશરાજજી મ.સા.ના** સાંનિધ્યમાં સંયમ

અનુમોદના ઉત્સવ રાખવામાં આવેલ, જેમાં પૂ. શ્રી ગુરુભગવંતશ્રીએ લક્ષ સિધ્ધિના આશીર્વાદ સાથે દીક્ષાર્થીઓને શાલ અર્પણ કરી હતી. શ્રી સંઘે તિલક, માળા, શાલ સાથે સંયમીઓની અનુમોદના કરી હતી. ત્યાર બાદ અરિહંત સાર્વજનિક સાધના કેન્દ્ર, લલિત મંડળ, મંગલ મંડળ, પારસ મંડળ, આદિએ સન્માન કરેલ.







## કોલકતા
### પારસધામ



પૂ. શ્રી સ્વરૂપાબાઇ મ. તથા પૂ. શ્રી શ્વેતાબાઇ મ. અને વિશાળ સંખ્યામાં ભાવિકો દીક્ષાર્થીના સન્માનમાં પધાર્યાં હતાં. શ્રી નિલેશભાઇ મહેતાએ દીક્ષાર્થીઓનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. શ્રી રિતેશભાઇ ગાંધી તથા શ્રી મિનલબેને સંયમ સ્તવનાના એવા સૂર રેલાવ્યા હતાં કે અનેકની આંખો અશ્રુભીની થઇ ગઇ હતી. સંયમ સાંજીની પ્રભાવનાનો લાભ દીક્ષાર્થી શ્રી અખિલભાઇના ધર્મ માતા-પિતા શ્રી મનિષાબેન જયેશભાઇ માલાણી એ લીધો હતો.

બીજે દિવસે દીક્ષાર્થીઓની સંયમ શોભા યાત્રા રમેશમિત્રા દેરાસરથી પ્રારંભ થઇ હતી જેમાં મંગલ કુંભ ધારક બહેનો, અર્હમના યંગસ્ટર્સ, લુક એન લર્નના



બાળકો, સંઘ પ્રમુખ અને ભાવિકો જોડાયા હતાં. શોભા યાત્રા પારસધામ પહોંચતા જ દીક્ષાર્થીઓના હસ્તે અન્નદાન કરાવવામાં આવ્યું હતું અને સાત જુદા જુદા પ્રકારે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

'સંયમ અનુમોદના ઉત્સવમાં' દીક્ષાર્થીઓને તિલક કરવાનો લાભ શ્રી મનસુખલાલ દેસાઇ પરિવારે અને દીક્ષાર્થીઓનું પ્રથમ બહુમાન કરવાનો લાભ શ્રી પ્રદીપભાઇ બેલાવાલા અને શ્રી અમિતભાઇ શાહ એ લીધો હતો. પારસધામ કમિટીએ મોમેન્ટો દ્વારા સન્માન

કર્યું હતું, ત્યાર બાદ અર્હમ યુવા સેવા ગ્રુપ, લુક એન લર્ન જૈન જ્ઞાનધામ, સોહમ ગ્રુપ, ગુરુ સ્પંદન, મહિલા મંડળ, અર્હમ હેલ્પ, શ્રી ઉવસગ્ગહર ભક્તિ ગ્રુપ એ પણ દીક્ષાર્થીઓનું બહુમાન કરેલ. શ્રી નિરવભાઇ અને ગુરુ સ્પંદન ભક્તિ વૃંદ એ અદ્‌ભૂત આત્મિય વાતાવરણ સર્જ્યું હતું.





## શ્રી કામાણી જૈન ભુવન ભવાનીપુર

શ્રી હંસરાજ લક્ષ્મીચંદ કામાણી જૈન ભુવનમાં દીક્ષાર્થીઓ પધારતાં અનેરો આનંદ છવાયો હતો, કચ્છના પૂ. શ્રી નરેશમુનિ મ. સા. અને પૂ. શ્રી ઓજસમુનિ મ. સા. એ અંતરથી આશીર્વાદ આપતાં સરળતા, સમર્પણતા અને સેવાભાવની ત્રિપદી રૂપ હિત શિક્ષા આપી હતી. શ્રી પ્રફુલ્લભાઇ મોદી અને શ્રી જયંતિભાઇ વોરા એ સન્માન કર્યાં બાદ સુમતિ મહિલા મંડળ, સુશીલ બહુ મંડળ, ચંદના સ્વાધ્યાય મંદિર, જૈન જાગૃતિ-ભવાનીપુર, ગુરુગિરી ભક્તિગ્રુપ, સાધર્મિક ગ્રુપ-ભવાનીપુર, અર્હમ યુવા ગ્રુપ અને લુક એન લર્ન જૈન જ્ઞાનધામ એ દીક્ષાર્થીઓનું ભાવભર્યું સન્માન કર્યું હતું.

આ ઉપરાંત હાવડા-પાવનધામ, શ્રી લીલવા સંઘ, શ્રી ટોલીગંજ સંઘે પણ દીક્ષાર્થીઓના પગલાં કરાવી એમનું ખૂબજ ભાવથી સન્માન કર્યું હતું.





## બડાબજાર નવલખા ઉપાશ્રય

સાત દીક્ષાર્થીઓ નવલખા ઉપાશ્રય પહોંચતા જ શ્રી સંઘ, અર્હમ યુવા ગ્રુપ અને લુક એન લર્ન દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને એમના



આગમનના અવસરે 49 અબોલ જીવોને અભયદાન આપવામાં આવેલ. ડૉ. પૂ. શ્રી તરૂલતાબાઇ મ. એ ગુરુ પ્રત્યે અતૂટ શ્રધ્ધા, સમર્પણતા અને ગુરુભક્તિ રાખી 'સ્વ' તરફ વધુને વધુ જવાની પ્રેરણા કરી હતી. સંઘ પ્રમુખ શ્રી અશ્વિનભાઇ દેસાઇએ બહુમાન કર્યું હતું, ત્યાર બાદ અર્હમ યુવા ગ્રુપ, લુક એન લર્ન જૈન જ્ઞાનધામ, જૈન યુવક સમિતિ, જય પ્રાણ મંડળ, લલિત મંડળ તથા શ્રાવિકા મંડળે સન્માન કર્યું હતું.

પેટરબાર

## વાત્સલ્યમૂર્તિ ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય ગુરુદેવશ્રીના સાંનિધ્યમાં વૈરાગ્યની સુગંધ પ્રસરી



ગોંડલ ગચ્છ શિરોમણી નેત્ર જ્યોતિ પ્રદાતા વાત્સલ્યમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી જયંતમુનિજી મ. સા. ના સાંનિધ્યમાં દીક્ષાર્થીઓ પધારતા આખા વાતાવરણમાં વૈરાગ્યની સુગંધ ફેલાવા માંડી પૂજ્ય ગુરુદેવશ્રી મુમુક્ષુ મિતુલભાઇ તથા મુમુક્ષુ અખિલભાઇને જોતા તરત જ બોલી ઉઠયા કે **ગોંડલ ગચ્છમાં સાધુઓની કમી થવા માંડી હતી. આપણા મહાન સ્તંભો જેવા ગાદીપતી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા, આગમ દીવાકર પૂ. શ્રી જનકમુનિજી મ. સા. એવં અપૂર્વ શ્રુત આરાધિકા પૂ. શ્રી લીલમબાઇ મ. ની વિદાય થતા ગોંડલ સંપ્રદાયને એક બહુ મોટી ખોટ પડી છે ત્યારે શાસન અરૂણોદય પૂ. શ્રી નમ્રમુનિજી મ.સા. જે અમારા શિષ્ય છે અને અમારા માટે અપૂર્વભક્તિ ધરાવે છે તે દીક્ષાની પરંપરાને જીવતી ને જાગતી રાખવાનો અથાગ પ્રયાસ કરી રહ્યાં છે. આજના આવા ભણેલા ગણેલા નવયુવાનોને T.V. ના યુગમાં અંતરદષ્ટિના દર્શન કરાવવા તે ખરેખર તપસમ્રાટ પૂ. ગુરુદેવશ્રી રતિલાલજી મ. સા. નાં જ આશીર્વાદ અને કૃપાબળનું ભાથુ છે.**

**અમારી નાવ તો કિનારે આવી છે પણ તેઓ નાની ઉંમરમાં જ સુકાની બન્યાં છે. અનેકના જીવન રથના સારથી બની રહ્યાં છે ત્યારે અમને જ ગૌરવનો અનુભવ થાય છે એમ નહીં પણ આખા ગોંડલ ગચ્છને જ નહીં પૂરા જૈન સમાજને એક ગૌરવનો અનુભવ થઇ રહ્યો છે.**

શ્રી સ્વાતિબાઇ મ. એ આજ્ઞાનું મહત્વ સમજાવ્યું હતું. વૈરાગી આભાબેને કહ્યું કે તમો જે ગુરુના શરણમાં જઇ રહ્યા છો એ હૃદય દીવાકર છે. હજારો આત્માઓના હૃદયના અંધકારને ઉલેચી સાચી જ્ઞાન જ્યોતિ પ્રગટાવવાનું કામ કરી રહ્યા છે.

તપસ્વીરાજ પૂ. શ્રી અરૂણમુનિજી મ. સા. એ ખૂબજ હૃદયના ભાવથી અભિનંદન આપ્યાં અને દીક્ષાર્થીનો માર્ગ નિષ્કટંક, કલ્યાણકારી અને શ્રેયકારી બને એવા ભાવોથી સહુને હૃદયના આશીર્વાદ પાઠવ્યાં હતાં.



## જમશેદપુર (બિસ્ટુપુર)



બિસ્ટુપુરમાં ડૉ. પૂ. શ્રી જશુબાઇ મ. આદિ ઠાણા-4 ના સાંનિધ્યમાં સન્માન કાર્યક્રમ રાખવામાં આવેલ. સંઘ પ્રમુખ શ્રી ભરતભાઇ મડિયા અને કમિટી મેમ્બર્સે તથા ઉપસ્થિત સમુદાયે પણ ઉલ્લાસ ઉમંગ સાથે દીક્ષાર્થીઓની અનુમોદના કરેલ.

ડૉ. પૂ. શ્રી જશુબાઈ મ. એ પોતાના હૃદયની ઉર્મી સાથે આશિર્વાદ પાઠવ્યા હતાં.

## બેંગલોર



શ્રી વર્ધમાન સ્થા. ગુજરાતી જૈન સંઘમાં શ્રમણ સંઘના પૂજ્ય શ્રી શિવમુનિ મ. સા. ના શિષ્યાઓ પૂ. શ્રી ઋધ્ધિશ્રીજી અને પૂ. શ્રી સિધ્ધિશ્રીજીના સાંનિધ્યમાં દીક્ષાર્થીઓનું સન્માન કરવા સંઘ પ્રમુખ શ્રી કીરીટભાઈ તુરખીયાનો ઉત્સાહ ખૂબ ભાવસભર હતો.

## હૈદરાબાદ




શ્રી સ્થા. જૈન સંઘ-રામકોટમાં ગોંડલ સંપ્રદાયના સદાનંદી પૂ. શ્રી સુમતિબાઇ મ. આદિ ઠાણા-6 ના સાંનિધ્યે ઉજવાયેલ દીક્ષાર્થી સન્માન સમારોહમાં ગોંડલ સંપ્રદાયરત્ન શ્રી પ્રવિણભાઇ કોઠારી, સંઘ પ્રમુખ શ્રી નલીનભાઇ ખારા, મનહર પ્લોટ-રાજકોટના શ્રી ડોલરભાઇ કોઠારી, જામનગર સંઘ પ્રમુખ શ્રી પ્રાણલાલભાઇ દોશી અને ચેન્નઇ સંઘના શ્રી પ્રફુલ્લભાઇ રૈયાણીની ઉપસ્થિતિ પ્રશંસનીય હતી.

આ અવસરે પૂ. શ્રી સુચિતાબાઈ મ. ના આયંબિલ અનુપૂર્વી તપ તથા બીજા ૩૫ અનુપૂર્વી તપના તપસ્વીઓનો પારણા મહોત્સવ યોજાયો હતો.

## નાગપુર

શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ - નાગપુર એવમ્ શ્રી પશ્ચિમ નાગપુર જૈન સંઘના સંયુક્ત ઉપક્રમે



પૂ. શ્રી પ્રફુલ્લાબાઈ મ. આદિ ઠાણા - 4ના સાંનિધ્યે, સંઘ પ્રમુખ શ્રી રમેશભાઈ શાહ આદિની ભાવનાથી દીક્ષાર્થીઓના સંયમ ભાવનાની અનુમોદનાનો કાર્યક્રમ યોજાયો હતો.

## અમરાવતી

શ્રી અંબાપેઠ જૈન સંઘ અને શ્રી બડનેરા રોડ જૈન સંઘના ઉપક્રમે પૂ. શ્રી જગમલજી મ. સા. ના શ્રમણીઓ શ્રીનિધીજી, શ્રુતનિધિજી, ડો. સુયશનિધિજી આદિ-7 ની ઉપસ્થિતિમાં આયોજિત દીક્ષાર્થી સન્માન સમારોહમાં ગુજરાતી- મારવાડી આદિ ચારેય સંપ્રદાયોનો ઉત્સાહ અનેરો હતો. આ અવસરે સંઘ અને મંડળની સાથે લુક એન લર્નના સીંધી, પંજાબી, મરાઠી આદિ અજૈન બાળકોએ પણ દીક્ષાનું મહત્વ સમજી, દીક્ષાર્થીઓની ડીગ્રી પ્રમાણે પોતાની વેશભૂષા અને ભાષામાં પોતાના ભાવો વ્યક્ત કરી સર્વનું બહુમાન કર્યું હતું.



## આકોલા

આકોલા સમસ્ત ગુજરાતી સ્થા. જૈન સમાજમાં દીક્ષાર્થી શ્રી કિંજલબેન દોશીની પ્રથમ દીક્ષા હોવાથી સમસ્ત આકોલાના જૈન સંઘો અને સમાજમાં અનેરો આનંદ ઉમંગ હતો. અજરામર સંપ્રદાયના પૂ. શ્રી પુનિતાબાઇ મ. અને પૂ. શ્રી પવિત્રાબાઇ મ. ના સાંનિધ્યમાં ઉજવાયેલ સંયમ અનુમોદના ઉત્સવમાં પાંચ વિવિધ કાર્યક્રમોના આયોજનો રાખવામાં આવ્યાં હતાં. સંયમ શોભા યાત્રામાં સમસ્ત જૈન સમાજે સ્વેચ્છાએ વ્યવસાય બંધ રાખ્યો હતો અને ગૌરવ સાથે ઉત્સવમાં જોડાયાં હતાં અને દીક્ષાર્થીઓનો જય જયકાર ગુંજવ્યો હતો. દીકરી વ્હાલનો દરિયો અને માતૃ-પિતૃવંદના જેવા ભાવવાહી કાર્યક્રમોમાં સહુના હૃદય ભીના થયાં હતાં.



માતૃ-પિતૃ વંદનામાં શ્રી કિંજલબેને પોતાને સંયમ પંથે જવાની હોંશે હોંશે આજ્ઞા આપનાર માતા-પિતાના ઉપકાર ભાવે ચરણ પ્રક્ષાલન કર્યાં હતાં. અર્હમ યુવા ગ્રુપે દરેક કાર્યક્રમમાં દીક્ષાર્થીઓ માટે વિવિધ પ્રકારની






એન્ટ્રીનું સુંદર આયોજન કર્યું હતું.

શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-આકોલા, શ્રી પ્રાણ મહિલા મંડળ,શ્રી આદિનાથ જિનાલય, શ્રી સંભવનાથ જિનાલય, શ્રી ઓસ્વાલ શ્રાવક સંઘ અને યુવક મંડળ, શ્રી મહાવીર મિત્ર મંડળ, શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી વણિકમંડળ, શ્રી વાસુપૂજ્ય જિનાલય, શ્રી સુલસા વહુ મંડળ, લુક એન લર્ન જૈન જ્ઞાનધામ અને અર્હમ યુવા ગ્રુપનો સહકાર, ઉત્સાહ અને ઉમંગ નોંધનીય હતો.

## જલગાંવ



જલગાંવમાં દીક્ષાર્થીઓ પધારતાં સકલ જૈન સંઘોના ઉપક્રમે સ્વાધ્યાય જૈન ભવનમાં શ્રમણ સંઘીય પૂ. શ્રી જ્ઞાનપ્રભાજી મ. આદિ ઠાણા-9 તથા પૂ. શ્રી વસુમતીબાઈ મ. આદિ ઠાણા-2ના સાંનિધ્યમાં આયોજિત દીક્ષાર્થી સન્માન સમારોહમાં ચારેય ફિરકાઓએ ઉત્સાહ સભર લાભ લીધો હતો.

## ધુલિયા



શ્રી ધુલિયા સ્થા. જૈન સંઘમાં દીક્ષાર્થીઓનો સંયમ સન્માન ઉત્સવ શ્રમણ સંઘના પૂ. શ્રી સત્ય સાધનાજી મ. આદિ ઠાણા-10 ના સાંનિધ્યમાં ઉજવાયો હતો. શ્રી કાઠિયાવાડ જૈન સમાજે પણ દીક્ષાર્થીઓને પ્રતિક અર્પણ કરી સન્માન કર્યું હતું.

## અનકાઈ



અનકાઈમાં ધ્યાનયોગી પૂજ્ય શ્રી હસમુખમુનિ મ. સા. એવમ્ પૂ. શ્રી ઊર્મિબાઈ મ. આદિ ઠાણાઓના સાંનિધ્યમાં દીક્ષાર્થીઓના સ્વાગત સાથે સન્માન કરવામાં આવ્યું હતું. ધ્યાનયોગી પૂ. શ્રી હસમુખમુનિ મ. સા. એ આર્શીવાદ સાથે હિત શિક્ષા આપી સંયમ માર્ગની પ્રગતિની ભાવના વ્યક્ત કરી હતી.

## દેવલાલી

દેવલાલીમાં ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી જયેશાબાઈ મ. એવમ્ પૂ. શ્રી વિમળાબાઈ મ. આદિ ઠાણા-3 ના સાંનિધ્યમાં દીક્ષાર્થીઓનો સન્માન અને આશીર્વાદનો કાર્યક્રમ યોજાયો હતો.

## મુંબઈ
### લોખંડવાલા



શ્રી લોખંડવાલા સ્થા. જૈન સંઘ-મુંબઈમાં પૂજ્ય શ્રી પ્રાણકુંવરબાઈ મ. આદિ ઠાણા-6 ના સાંનિધ્યમાં સંઘ પ્રમુખ શ્રી મનિષભાઈ દોશીના નેતૃત્વ હેઠળ દીક્ષાર્થીઓના સંયમ સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો.

# સંયમ અનુમોદના ઉત્સવ વિદેશમાં

સાત સેનાની આત્મ સંગ્રામે...
સંયમ સન્માન થાય પરદેશમાં

## સુદાન







સુદાનમાં દીક્ષાર્થીઓ પધારતાં સહુના હૃદયમાં અનેરો આનંદ હતો. ઓમદુરમાન ઇન્ડીયન ક્લબમાં દીક્ષાર્થીઓના સન્માન એવમ્ વર્ષીદાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ઓમદુરમાન ઇન્ડીયન કોમ્યુનિટીના ડૉ. શ્રી અનિલભાઈ મિઠાણી, ઓમદુરમાન ઇન્ડીયન ક્લબના શ્રી હર્ષદભાઇ વાલાણી, જૈન જાગૃતિ સેન્ટરના શ્રી મહેન્દ્રભાઇ બાવીસી, યંગ ઇન્ડીયન બ્રધર્સ, અર્હમ યુવા ગ્રુપ અને લુક એન લર્ન જૈન જ્ઞાનધામે દીક્ષાર્થીઓના સન્માન કર્યા હતા. અર્હમ ગ્રુપ અને લુક એન લર્નના બાળકોએ સ્વાગત નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. શ્રી મીનુભાઇ કોટેચા અને શ્રી સંજયભાઇ પારેખના સહયોગથી ખાર્તુમ ડીપ્લોમેટીક સ્કૂલમાં 'ઇનર જર્ની' શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 400 થી વધારે ભાવિકો અને યંગસ્ટર્સે જિજ્ઞાસાપૂર્વક લાભ લીધો હતો. લુક એન લર્નની શિબિરમાં પણ 85 જેટલાં બાળકો જોડાયાં હતાં. સુદાનમાં પ્રથમ વખત જ વર્ષીદાન કાર્યક્રમ થયો હોવાથી સહુના માટે એક નવિનતા હતી.

## દુબઈ


જ્યાં પ્રત્યક્ષ પંચ મહાવ્રતધારી સંત-સતીજીઓનો યોગ શક્ય ન હોય. ત્યાં પંચ મહાવ્રત ધારણ કરવા જઈ રહેલાં દીક્ષાર્થીઓના પગલા પણ વેરાણ રણમાં મળતી મીઠી પરબડી સમાન હોય.

આવો જ અહેસાસ થયો જ્યારે દીક્ષાર્થીઓ શ્રી મિતુલભાઈ મહેતા અને શ્રી અખિલભાઈ દોશીના પગલા

દુબઈમાં થયાં. દુબઈ જેમ્સ સ્કૂલમાં આયોજિત દીક્ષાર્થી સન્માન સમારોહમાં 600 થી વધુ ભાવિકો ઉપસ્થિત હતાં અને શ્રી રાજેન્દ્રભાઈ બેગાનીએ દીક્ષાર્થીઓનો પરિચય આપ્યો હતો. વર્ષીદાનનો કાર્યક્રમ યોજાયો હતો.

સમસ્ત જૈન સંઘ, ઉત્સુક બાળકો અને સમર્પિત દીદીઓ અને સરના ઉત્સાહ અને મહેનત પ્રસંશનીય હતાં. બધાંએ પોતાના ભાવ ગીત, નૃત્ય, સ્પીચ અને ટૉક શૉ દ્વારા વ્યક્ત કર્યાં હતાં. દીક્ષાર્થીઓના ભાવ દરેક માટે એક પ્રેરણા રૂપ હતાં.

દુબઈ UAE જૈન સંઘના પ્રમુખ શ્રી શેખરભાઈ પટની આદિ પદાધિકારીઓ, લુક એન લર્ન-દુબઈ, શારજાહ અને અબુધાબી, શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધરમપુર, રાજ સુભગ ગ્રુપ-શૈલા, સોહમ સત્સંગ ગ્રુપ, શ્રી મીતાબેન બખાઈ, શ્રી સ્મિતાબેન કોટેચા, શ્રી સંગીતાબેન દોશી દીક્ષાર્થી શ્રી મિતુલભાઈના ધર્મ માતા-પિતા શ્રી પ્રેમલભાઈ અને શ્રી સ્વાતિબેન કામદાર આદિએ દીક્ષાર્થીઓના સન્માન કર્યાં હતાં.





## મસ્કત





મસ્કત જૈન સમાજ દ્વારા પી. એમ. હોલમાં સંઘપતિ શ્રી રમણિકભાઈ શાહ, **શાસન ચંદ્રિકા પૂ. શ્રી હીરાબાઈ મ. ના સુશિષ્યા પૂ. શ્રી સ્મિતાબાઈ મ. ના ભાઈઓ શ્રી બકુલભાઈ અને શ્રી દીલીપભાઈ મહેતા,** શ્રી અનિલભાઈ વાઘર, શ્રી પ્રબોધભાઈ કોઠારી, શ્રી અનિલભાઈ શાહ આદિ શ્રેષ્ઠીવર્યો અને સ્મિત મંડળની બહેનોની ઉપસ્થિતિમાં દીક્ષાર્થીઓનું ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવેલ. શ્રી અશોકભાઈ સંઘવી, શ્રી મીનુભાઈ મહેતા અને શ્રી નીતિનભાઈ મહેતાને ત્યાં પણ દીક્ષાર્થીઓનો સન્માન કાર્યક્રમ રાખેલ.

'દીક્ષા' વિશે અનજાન બાળકોએ નૃત્ય સાથે દીક્ષાર્થીઓનો જયજયકાર કર્યો હતો અને પ્રશ્નો કર્યાં હતા. તમે દીક્ષા શા માટે લ્યો છો ? મોક્ષમાં શા માટે જવાનું ? અમને તો ડીસ્કો અને પીઝા વિના ચાલતું નથી તમને કેમ મન થતું નથી ? દીક્ષાર્થીઓના હસ્તે વર્ષીદાન સ્વીકારી અને જપસાધના કરી સહુ ધન્ય બન્યા હતાં.

# Matrimonial



Name : Rushabh Rameshchandra Modi
(Canadian Permanent Resident)
E-mail : rushabhmodi @gmail. com
Birth Date : 6 th Jan 1986,
Time & Place - 17:20, Vadodara (Gujarat)
Native Place : Bhanvadia - Mahua (Bhavnagar)
Height : 6ft . 2in, Weight : 85 kgs
Complextion : Wheatish /Fair
Education : PG Diploma in Human Resource Mgt
(Canadian University)
Intenational Business Management
(Canadian University)
BBA-IT. SemCom. Vidhyanagar)
Religion : Jain (Sthanakvasi-Dashashrimali)
Hobbies : Cricket, Music, Reading, Keeping Fit, Travelling

Father's Name : Shree Rameshchandra Chhaganlal Modi (Business)
Business : Kanan Industrial Sales Corporation. (Acrylic Sheets)
Master Nivas, Opposite Alpana Theatre,
Pratapnagar, Vadodara - 390 004
Phone no. : 0265- 2410713, 3241422,
Mobile : +91-93762 32261
E-mail : rameshmodi 1950@yahoo.com
Mother's Name : Shree Chandrikaben Rameshchandra Modi (House-Wife)
Residence Address : 133 Tagornagar Society.
Old Padra Road. Vadodara - 390 019
Phone No: +91- 93762 32261
Siblings : Sister- Kanan Suresh Ajmera- Married- Rajkot- 9408311175
Purvi Mihir Bhimani- Married-Rajkot-9824372039
Ami jinesh Parekh -Married - Australia
Parita Parag Sanghvi - Married - Australia
Younger Brother: Hardik Rameshchandra Modi- Australia
Grand Father : Late Shree Chhaganlal Amarsinh Modi (Mumbai)
Mosal : Late Shree Shantilal Hargovindas Shah (Miyagaum-Karjan)

Rushabh Modi is in Vadodara (Gujarat) till 15th January 2016

## અમદાવાદ

### શ્રી જૈન વિસા ઓસવાલ ક્લબ - અમદાવાદઃ

શ્રી જૈન વિસા ઓસવાલ ક્લબ 100માં વર્ષમાં પ્રવેશ પામતાં આયોજિત કાર્યક્રમમાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ એમને વધુ ને વધુ સમાજ સેવા સાથે પ્રગતિ કરે એવા આર્શીવાદ આપ્યાં હતાં. આ કાર્યક્રમ અંર્તગત 49 તપસ્વીઓ અને 139 સીનીયર સીટીઝન્સનું સન્માન કરવામાં આવ્યું હતું. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને આયોજિત આ કાર્યક્રમમાં ગુજરાત સમાચારના તંત્રી શ્રી શ્રેયાંસભાઈ શાહ આદિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.






શ્રી કાઠિયાવાડ સ્થા. જૈન સમાજના સન્માન સમારોહ અવસરે 43 દંપતિઓનું સન્માન અને શ્રી કાઠિયાવાડ યુવક મંડળની સ્થાપના.

### સાબરમતી જેલઃ

કેદીઓની માનસિક્તાને પોઝીટીવ સ્વરૂપ આપવા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી એ અમદાવાદની ખ્યાતનામ સાબરમતી મધ્યસ્થ જેલના સેંકડો કેદીઓને સદ્દબોધ આપતાં જણાવ્યું હતું કે,

દરેક ગુણવાન વ્યક્તિનો કાળો ભૂતકાળ હોય શકે છે અને દરેક ગુનેગારનો ઉજળો ભવિષ્યકાળ પણ હોય શકે છે. ભૂલ મનુષ્યથી જ થાય, ભગવાનથી ન થાય ભૂલનો પસ્તાવો ભૂલને ભૂંસી શકે છે. માટે બહાર નીકળ્યાં પછી શરમથી નહીં, આત્મવિશ્વાસ સાથે જીવવું જોઇએ, ગુનાનું કારણ ક્રોધ, અને આવેશ હોય છે જેના માટે મનનું ઓપરેશન કરવાની જરૂર છે અને મનના ઓપરેશન માટે મેડીટેશન શ્રેષ્ઠ છે. અશાંતિને દૂર કરવા જ્યાં છો ત્યાં પરિવાર બનાવીને પ્રેમથી રહેવું જોઇએ.

પ્રેરણાત્મક બોધ પામી હળવાશ અનુભવી રહેલાં કેદીઓએ સહજ ભાવે પ્રશ્નો પૂછી સમાધાન મેળવ્યું હતું તો ઘણાએ ગીત અને શાયરી દ્વારા પોતાની કલા પ્રસ્તુત કરી હતી. જેલના હેડ અધિકારી શ્રી ભગોરા સાહેબ પણ એમના કેદીઓના ચહેરા પરની હળવાશ જોઇ પ્રસન્ન થયાં હતાં.


### ગુજરાત યુનિવર્સીટીઃ

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી શ્રી પવિત્રધામ જૈન સંઘ અને ગુજરાત યુનિવર્સીટીના સંયુક્ત ઉપક્રમે ગુજરાત યુનિવર્સીટીની પોસ્ટ ગ્રેજ્યુએટસ્‌ના દરેક ડીપાર્ટમેન્ટસ્ માટે 'ગાંધીજી અને અહિંસા' વિષય ઉપર નિબંધ સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં 280 જેટલાં નિબંધ લખાઇને આવ્યા હતાં.

ગુજરાત યુનિવર્સીટીમાં યુવા સ્ટુડન્ટસ્‌ને સંબોધીને પૂજ્ય ગુરુદેવે જણાવ્યું હતું કે 'ગાંધીજી અને અહિંસા' ઉપર વાંચવુ અને સાંભળવુ અલગ વાત છે અને લખવું અલગ વાત છે. કોઇપણ વિચારધારાને સમજવા માટે લખવું જરૂરી હોય છે. ગાંધીજીની અહિંસા પાછળનો મૂળભૂત ગુણધર્મ એમની ધીરજ હતો.

# પરમાર્થ પ્રજ્ઞાચક્ષુને !

***રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી*** અમદાવાદના 300 થી વધુ જરૂરિયાતમંદ પ્રજ્ઞાચક્ષુઓને રાજકોટના શ્રી પ્રેમિલાબેન વોરાના સહયોગથી સહાય આપવામાં આવેલ. દરેકને મિષ્ટ ભોજન જમાડવામાં આવ્યું હતું.









**વિતે તેને જ વેદનાની ખબર પડે**
**અંધજનો સાથે અર્ધો દિવસ વિતાવીએ ત્યારે તેમની પરિસ્થિતિ સમજાય**


Raju Bhai 91 93201 41945 | Amit 98198 99400 | Hardik 90969 94466

JENAM
ENTERPRISES PVT. LTD.

IRON AND STEEL TRADERS & IMPORTERS
Email : jenamenterprisespvtltd@gmail.com
Sale Office : 50/A Baroda Street, camac Bunder, Mumabi : 400 009.
Phone : 022 - 3029 7002 / 3029 7056 Fax : 022 -3029 7038

Bakulesh Virani 098410 43041

VIRANI INTERNATIONAL
Your Key to Security Holograms & Self Adhesive Label Stock
67B, KMA, Garden, Kannadasan Nagar, Kodungaiyur, Chennai - 600 118. India.
Ph. : +91 44 2555 8945 • Fax : +91 44 2555 3581 • Mobile : +91 9884097410 • mailvirani@yahoo.com • www.virani.in

जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ,
जाविंदिया न हायंति, ताव धम्मं समायरे

જ્યાં સુધી **વૃધ્ધાવસ્થા** નથી આવતી,
જ્યાં સુધી **વ્યાધિઓનું** દબાણ વધતું નથી,
જ્યાં સુધી **ઈન્દ્રિયો ક્ષીણ** બની નથી ત્યાં સુધી
**બુધ્ધિશાળીએ** જે પણ **ધર્માચરણ** કરવું હોય તે કરી લેવું જોઈએ.

जब तक **बुढ़ापा** आता नहीं है,
जब तक **व्याधियों** का जोर बढ़ता नहीं है,
जब तक **इन्द्रियाँ क्षीण** नहीं होती है, तब तक
**बुध्धिमान्** को जो भी **धर्माचरण** करना हो, कर लेना चाहिए।

Till such time that old age has atrophied the body.
and the facilities are disabled,
the wise should promptly indulge in
religious activities.

- ગુરુભક્ત શ્રી દોશી પરિવાર (ચેન્નઇ)



400 થી વધુ ભાઈઓ-બહેનોએ પરમાત્માના આગમ ગ્રંથને મસ્તક પર ધારણ કર્યા

હે પ્રભુ ! તારા હિતકારી ત્રિકાળ જ્ઞાનને
વિશ્વ વ્યાપી બનાવી શકું એવી કૃપા કરજો !

# અમદાવાદમાં આગમ મહોત્સવ એક ઐતિહાસિક અવસર

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ પ્રેરિત ‘આગમ મહોત્સવ’ એક અભૂતપૂર્વ અને અલૌકિક, ઐતિહાસિક અવસર બની ગયો હતો. આગમ મહોત્સવ માટે સમસ્ત અમદાવાદના જૈન-અજૈન ભાવિકોમાં અનેરો ઉત્સાહ હતો. દરેક વ્યક્તિ ઉલ્લાસભેર જોડાયા હતાં અને મહોત્સવને એક ભવ્યતા અને દિવ્યતા અર્પી હતી.

**સાત કિ.મી લાંબી આગમ ઋણ યાત્રા સવારે 6:30 કલાકે** શ્રી વિશાલભાઇ શાહના નિવાસ સ્થાનેથી પ્રારંભ થઇ શ્રી નિલેશભાઇ ટીંબડીયા, શ્રી નિલયભાઇ ખેતાણી, શ્રી જયાબેન મહેતાના પાવન પ્રાંગણે થઇ શિસ્ત બધ્ધતા સાથે મહાવીરાલય પટાંગણ પહોંચતા આગમ શાસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

### આગમ ઋણ યાત્રાની શોભા

- 11 રાજવી હસ્તિરત્ન
- 21 ભવ્ય રથ
- ધર્મ ધ્વજ લહેરાવતાં અશ્વો
- રાસ મંડળી
- આઈશરમાં પ્રેરણાત્મક ફ્લોટસ્ અને લાઈવ પરફોમન્સ્
- આગમની ઓળખ કરાવતો સ્ટ્રીટ પ્લે
- સંઘો, શ્રેષ્ઠીવર્યો, વિશાળ સંખ્યામાં બાળકો, યંગસ્ટર્સ અને વડીલો
- જૈન ધર્મના જય જયકાર સાથેના સ્તવનો



















**1.** લાભાર્થી શ્રી નિરાલીબેન શાહના આંગણે આગમ વધામણાં **2.** મંગલાચરણ દ્વારા ઋણયાત્રાનો શુભારંભ કરાવતા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ **3.** લાભાર્થી શ્રી જયશ્રીબેનના આંગણે આગમ વધામણાં **4.** મસ્તકે આગમ ધરીને બંધેજ સાડીમાં સજ્જ બહેનો **5.** ગાંઠાણી પરિવારની અને સરવૈયા પરિવારની અશ્વ સવારી **6.** લેધર ત્યાગનો સંદેશ આપતો ફ્લોટ્ **7.** સાયલન્સ પ્લીઝ...નાના નાના ટીચરો સિક્રેટ ઑફ સકસેસનો પાઠ ભણાવી રહ્યાં છે














# અમદાવાદના વિશાળ રાજમાર્ગ પર પરમાત્માના આગમની દિવ્યતા

**1.** યુગ ઉપકારક મિશન્સની પ્રસ્તુતિ કરાવતો ફ્લોટ્ **2.** ફ્રેન્ડ ફ્રેન્ડ બનશું... ! વિશ્વમૈત્રીનો સંદેશ આપતો ફ્લોટ્ **3.** સંસારનું સ્વરૂપ સમજાવતો આકર્ષક ફલોટ્ **4.** ના રહે કોઈ ગમ... જો વાંચીએ આગમ ! - પ્રેરણાત્મક સ્ટ્રીટ પ્લે

## હસ્તિરત્ન પર આગમ ગ્રંથ ધારણ કરી બિરાજમાન લાભાર્થી

શ્રી રમેશભાઈ કોઠારી
શ્રી પૂનમચંદજી જૈન
શ્રી અરવીંદભાઈ પાટડીવાળા

શ્રી મિલનભાઈ શાહ
શ્રી દીપકભાઈ શેઠ
શ્રી અખિલભાઈ પારેખ

શ્રી ચેતનભાઈ ભાવસાર
શ્રી સંકેતભાઈ ઝાટકીયા
શ્રી વિપુલભાઈ શાહ

શ્રી નિરજભાઈ શાહ
શ્રી જયશ્રીબેન મહેતા










1. આગમ સ્તુતિ..બાલિકાઓની સુંદર નૃત્ય પ્રસ્તુતિ 2. તિલક કરીને હસ્તિરાજને વધાવતાં શ્રી શાહ અને શ્રી મહેતા પરિવાર 3. આગમ મંદિર પર હસ્તિરાજે કર્યા કેસરજળ અભિષેક 4. હસ્તિરાજ પાસેથી આગમ ગ્રહણ કરતાં શ્રી કુમારપાળભાઈ દેસાઈ 5. હસ્તિરાજ દ્વારા કેસર અભિષેક કરાવીને ધન્ય બનતા ભાવિકો 6. મસ્તકે મારા આગમ હો... હે પ્રભુ ! જાણે તારો હાથ હો ! 7. આગમ પૂજનમાં તલ્લીન લાભાર્થી પરિવારો 8. આ છે રાષ્ટ્રસંતની સભા... પ્રભુના આગમની થાય અર્ચના !



## ધન્ય બન્યા આગમ મંદિરના લાભાર્થી પરિવારો

આ અવસરે સુંદર એવી આગમ મંદિરની ફ્રેમ્સ પર હસ્તિરત્ન દ્વારા કેસરજળથી પાવન અભિષેક કરવામાં આવ્યાં હતાં. અભિષેક કરેલી આગમમંદિરની ફ્રેમ્સની ઉછામણીનો લાભ માતુશ્રી જયશ્રીબેન મહેતા, માતુશ્રી સરલાબેન ગાઠાણી પરિવાર-હસ્તે શ્રી હિતેશભાઈ, શ્રી અલ્કાબેન દોશી, શ્રી નીરજભાઈ શાહ, શ્રી શ્વેતાબેન સમીરભાઈ શાહ, શ્રી પૂનમચંદજી જૈન પરિવારે લીધો હતો.

## આગમ મંદિરના લાભાર્થી

શ્રી સુનીલભાઈ બાવળાવાળા, શ્રી નિરાલીબેન શાહ, શ્રી અખિલભાઇ પારેખ, શ્રી શરદભાઇ મહેતા, શ્રી નિકુંજભાઇ શાહ, શ્રી સ્મિતાબેન અજમેરા, શ્રી નીતાબેન ચોટલીયા, શ્રી સરલાબેન ગાઠાણી, શ્રી સુનીલભાઇ શાહ, શ્રી નિલેશભાઇ શાહ, શ્રી મહાસુખભાઇ કોઠારી, શ્રી જેસલભાઇ (મલેશિયા), શ્રી મનીષભાઇ શાહ, શ્રી અજમેરા પરિવાર, શ્રી અક્ષયભાઇ ઘેલાણી, શ્રી અરવીંદભાઇ ભાવસાર, શ્રી તલસાણીયા પરિવાર, શ્રી રીમઝીમબેન શાહ, શ્રી મિતેશભાઇ શેઠ, શ્રી ઝરણાબેન તુરખીયા, શ્રી ઝલકબેન ગાંધી, શ્રી અશોકભાઇ શેઠ, શ્રી રાજુભાઇ શાહ, શ્રી અજયભાઇ શેઠ, શ્રી દિનેશભાઇ ખેતાણી, શ્રી કુમારપાળભાઇ દેસાઇ, શ્રી રેણુકાબેન ગાંધી, શ્રી દીપકભાઇ શાહ, શ્રી કાશ્મીરાબેન મહેતા, શ્રી સોનલબેન શાહ, શ્રી દિલીપભાઈ ઝાટકીયા, શ્રી હિતેશભાઇ કામદાર, શ્રી પારુલબેન ડેલીવાળા, શ્રી નિલીમાબેન શાહ, શ્રી રાજીવભાઇ કામાણી, શ્રી શશીકાંતભાઈ ઝાટકીયા, શ્રી સંકેતભાઈ ઝાટકીયા, શ્રી પાયલબેન દોશી, શ્રી અરવીંદભાઇ માલવણીયા, શ્રી અતુલાબેન મહેતા, શ્રી વિપીનભાઇ ઝોંસા, શ્રી દિપકભાઇ મહેતા, શ્રી જયવંતભાઇ ઝાટકીયા, શ્રી સોનીયાબેન શાહ (મલેશિયા), શ્રી અલ્કાબેન દોશી પરિવાર, શ્રી સૂર્યકાંતભાઇ સંઘવી.

## પરમાત્માના આગમ ગ્રંથને ગ્રહણ કરી રથમાં બિરાજમાન લાભાર્થી

શ્રી બળવંતભાઈ ટીમ્બડીયા, શ્રી રાજીવભાઈ કામાણી, શ્રી વિપિનભાઈ ઝોંસા (દિલ્હી), શ્રી સંધ્યાબેન દોશી, શ્રી જસ્મીનભાઈ અજમેરા, શ્રી ગિરીશભાઈ ઝાટકીયા, શ્રી દર્શકભાઈ અંબાવી, શ્રી કાંતિભાઈ ટીમ્બડીયા, શ્રી ગિરીશભાઈ જસાણી, શ્રી બીનાબેન સરવૈયા, શ્રી નિશાબેન મહેતા, શ્રી શરદભાઈ મહેતા, શ્રી રજનીભાઈ ચાંપાનેરી, શ્રી પ્રતિકભાઈ શેઠ, શ્રી રજનીકાંતભાઈ, શ્રી કિરણબેન ઝાટકીયા, શ્રી બિપીનભાઈ વધાણી, શ્રી ભરતભાઈ મહેતા, શ્રી વિદ્યાબેન કામદાર, શ્રી સુનિલભાઈ શાહ, શ્રી અલ્પેશભાઈ તલસાણીયા, શ્રી જયશ્રીબેન શાહ, શ્રી સમીરભાઈ શાહ, શ્રી સ્વપ્નીલભાઈ મકાતી, શ્રી દિનેશભાઈ કામદાર, શ્રી અલ્કાબેન દોશી.

## આગમ શણગાર વિજેતા

શ્રી મૃગીનીબેન શાહ, શ્રી અતુલભાઈ સરવૈયા, શ્રી મેઘાબેન કોઠારી, શ્રી કૃપાબેન ગાંધી, શ્રી નીલીબેન શાહ, શ્રી પારૂલબેન શાહ, શ્રી પૂનમબેન શાહ, શ્રી સાંચીબેન ધ્રુવ, શ્રી દીયાબેન ટીમ્બડીયા, શ્રી નિરવીબેન ટીમ્બડીયા, શ્રી ઝીલબેન પારેખ, શ્રી પાયલબેન મોદી, શ્રી ચૈતાલીબેન ઝાટકીયા, શ્રી અર્પિતાબેન શાહ, શ્રી ધ્વનીબેન કોઠારી, શ્રી ગિરીશભાઈ જસાણી, શ્રી નિપાબેન શાહ, શ્રી જયોતિબેન બદાણી, શ્રી રીટાબેન શાહ, શ્રી ભૂમિકાબેન શેઠ, શ્રી મૌલારીબેન શાહ, શ્રી મીનાબેન શાહ.

અમારા અસીમ ઉપકારી પૂજનીય
ગુરુદેવ પર કૃપા અને કરૂણા વરસાવનાર
તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.નો

**જય હો... વિજય હો**

દિપાવલી શુભદિન તપસમ્રાટ જન્મજયંતિ

:સૌજન્ય:
શ્રી પ્રજ્ઞેશભાઈ – શ્રી અલ્પેશભાઈ હરિશચંદ્ર તલસાણીયા
મેમનગર, અમદાવાદ

MAHAVIR®
MOTOR ACCESSORIES




Front Designer Guard | Side Guard | Carrier | Back Step | Back Pipe Guard

**MARUTI** | **TOYOTA QUALIS** | **TELCO** | **MAHINDRA** | **CHEVROLET TAVERA**

Alpesh H. Talsania 94266 35237 | Pragnesh H. Talsania 98250 35237

MAHAVIR MOTOR ACCESSORIES
Mahavir House, 23/C, Old Manekchowk Mill Compound, Nr Balaji Roadlines,
B/h. Idga Chowky, O/s. Dariapur Gate, Ahmedabad-380 016
Phone : 22131099, 22124666

Guards - Seats
Carriers &
Exclusive Accessories
Manufacturers

With Best Compliments from

Confidence MOVING WITH | go gas

# Confidence Group

## Confidence Petroleum at a Glance

- Reputed BSE Listed Company with a mission to become the largest private player across the globe in the LPG/CNG related businesses by 2015.
- Operating one of the Asia's largest Cylinders manufacturing units under one roof including one in Indonesia
- India's leading Bottlers with 51 bottling plants across 21 states.
- Upcoming 250 Gogas Auto LPG Dispensing Stations across the country.
- Operating ISO9001-2008 certified manufacturing unit of CNG/High Pressure Gas Cylinders.
- Nationwide network of 27 Marketing Offices.
- Establishing Tie-ups with International Companies for future projects.





Cylinder Manufacturing


Bottling Assistance



Auto LPG Station


Packed Cylinder Marketing


CNG / LPG Dispensers


Ethanol Manufacturing


ANG Pipeline on the move


RFID Metering Solutions

Confidence MOVING WITH

| Nitin Khara | Nalin Khara | Elesh Khara |

## CONFIDENCE PETROLEUM INDIA LIMITED

CORPORATE OFFICE : 404, Satyam Apartments, 8, Wardha Road, Dhantoli, Nagpur - 440 012 (M.S.) India

Ph.:0712-3298539/40 Fax:0712-6612083 Email : info@confidencepetro.com Website : www.confidencepetro.com

Registered with Registrar of Newspapers under RNI NO. MAHMUL/2008/37878
Postal Registration No. MH/MR/N/94/MBI/14-16 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2014-16
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 05-11-2015

*શ્રી મહાવીરનગર સ્થાનકવાસી જૈન સંઘ - રાજકોટના આંગણે*

# રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો મંગલ પ્રવેશ

*06.12.2015, રવિવારે તપસમ્રાટ તીર્થધામથી*

**સવારે 09:00 કલાકે**
**'સિધ્ધિદાયક મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જપ સાધના'**
**એવમ્ ઋણ સ્વીકૃતિની વંદના - રોમે રોમે ઋણ તારા...**

## રાજકોટમાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી ના સાંનિધ્યમાં કાર્યક્રમ

સાત સેનાની આત્મ સંગ્રામે
શ્રી જૈન ભાગવતી દીક્ષા મહોત્સવ
14th Feb, 2016

**સાત દીક્ષાર્થીઓનો સંયમ અનુમોદના ઉત્સવ**
**06.12.2015 થી 13.12.2015**

| | | |
|---|---|---|
| 06.12.2015 | સાંજે 08.00 કલાકે | અરિહંતની અદાલત - મુમુક્ષુઓના સંયમભાવનું કબૂલાતનામું |
| 07.12.2015 | સવારે 09.30 કલાકે | પ્રવચનમાળા |
| 08.12.2015 | સવારે 09.30 કલાકે | પ્રવચનમાળા |
| 09.12.2015 | સવારે 09.30 કલાકે | પ્રવચનમાળા |
| | સાંજે 08.00 કલાકે | 'બાલ દિક્ષા મહોત્સવ'- બાળકો દ્વારા દીક્ષાવિધિનું દૃશ્યાંકન |
| 10.12.2015 | સવારે 09.30 કલાકે | પ્રવચનમાળા |
| | બપોરે 03.00 કલાકે | સમૂહ સાંજી |
| 11.12.2015 | સવારે 09.30 કલાકે | સંતાન વ્હાલનો સાગર |
| | બપોરે 03.00 કલાકે | સાંજી અને વર્ષીદાન |
| 12.12.2015 | સવારે 09.30 કલાકે | સંયમ વંદનાવલી<br>108 પરિવારોને સાધર્મિક સહાય |
| | બપોરે 03.00 કલાકે | સમૂહ સાંજી |
| 13.12.2015 | સવારે 08.00 કલાકે | દીક્ષાર્થી શોભા યાત્રા<br>શ્રી મિતુલભાઇના ગૃહે અંબિકા પાર્ક, રૈયા રોડથી પ્રારંભ થશે. |
| | સવારે 09.30 કલાકે | દીક્ષાર્થી સન્માન સમારોહ અને માતૃ-પિતૃ વંદના |
| | સાંજે 08.00 કલાકે | દીક્ષાર્થી શ્રી મિતુલભાઈનો વિદાય સમારોહ |



**તારીખ : 7, 8, 9 સવારે 06.30 થી 08.00**
**આત્મશુધ્ધિ કરવાનો અવસર - 'ઇનર કલીનીંગ કોર્સ'**
ફોર્મ પ્રાપ્તિ સ્થળ : પારસધામ - 4, આફ્રિકા કોલોની, 150 રીંગ રોડ પાસે, રાજકોટ
+91-99251-50385, +91-84018-47212, +91-94282-63778
ઈચ્છુક ભાવિકોએ ફોર્મ ભરવા જરૂરી છે. • કોર્સ બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

કાર્યક્રમ
માર્ગદર્શન માટે સંપર્ક:
+91-94269-98110

**: સમારોહ સ્થળ :**
**શ્રી ડુંગર દરબાર**
મહાવીરનગર ઉપાશ્રય પાછળ, સોજીત્રાનગર
પાણીના ટાંકા પાસે, ગુરુ ગોવાલ્કર માર્ગ, રૈયા રોડ, રાજકોટ.

ઉતારાની વ્યવસ્થા માટે સંપર્ક:
+91-98252-17866
+91-98252-29504